Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૨૪
તા.૨૦-૦૯-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૦))
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૦ સૂર્યાસ્ત : ૦૬:૩૮

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૭.૫ | વડોદરા | ૩૪.૪ |
| અમદાવાદ | ૩૬.૩ | સુરત | ૩૨.૦ |
| ગાંધીનગર | ૩૬.૦ | નલિયા | ૩૦.૨ |

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# ગુજરાતની જનતા જ અમારી હાઈકમાન્ડ : શંકરસિંહ

## શંકરસિંહ જન વિકલ્પ મોરચામાં જોડાયા : સસ્પેન્સનો અંત : ૨૧મીએ પહેલા નોરતે જ વાસણીયા મહાદેવ દર્શન કરી જન વિકલ્પ મોરચાની ચૂંટણી માટે ત્રીજા વિકલ્પ તરીકે શરૂઆત

અમદાવાદ

કોઈપણ રાજકીય પક્ષની કંઠી નહી બાંધવાની અને રાજકારણમાં સક્રિય રહેવાની જાહેરાત કરનાર શંકરસિંહ વાઘેલા આજે આખરે ગુજરાતના રાજકારણમાં ત્રીજા મોરચા તરીકે સામે આવેલા જન વિકલ્પ મોરચામાં જોડાઇ ગયા હતા. વાઘેલાએ જન વિકલ્પ મોરચાનું નેતૃત્વ સંભાળવાનો સ્વીકાર કર્યો હતો અને તેની સત્તાવાર જાહેરાત પણ કરી હતી. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, તા.૨૧મીએ પહેલા નોરતે વાસણીયા મહાદેવ દર્શન કરી આશીર્વાદ મેળવી, મહુડી દર્શન કરી, ઇડરથી ખેડબ્રહ્માના દર્શન કરી મોટા અંબાજી માતાના આશીર્વાદ મેળવી, મગરવાડા ખાતે માણિભદ્રવીરના દર્શન કરી, ઉંઝા ઉમિયા માતાના દર્શન કરી, મીરાદાતારે જઇશું અને એ દિવસથી જન વિકલ્પ મોરચાની ૨૦૧૭ની ચૂંટણી માટે ત્રીજા વિકલ્પ તરીકે શરૂઆત થશે. વાઘેલાએ પત્રકાર પરિષદ યોજી તેમના આ નવા રાજકીય અધ્યાયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, જન વિકલ્પ મોરચાએ સોશ્યલ મીડીયા અને પ્રોફેશનલ્સ સર્વે કરાવ્યો હતો, જેમાં સૌથી વધુ પસંદગી લોકોએ બાપુ પર ઉતારી હતી અને લોકોના અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે હું જન વિકલ્પ મોરચાનું સમર્થન કરું છું. જન વિકલ્પ મોરચાની રાજકીય ભૂમિકા હકારાત્મક રહેશે. અમે ભાજપ કે કોંગ્રેસના નેતાઓની ટીકા ટિપ્પણીઓમાં નહી પડીએ, માત્ર રાજકીય પક્ષોની કામગીરીની સમીક્ષા કરીશું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, જન વિકલ્પ મોરચાનો અમે ૨૦૧૭ની ચૂંટણીઓમાં ત્રીજા મોરચા તરીકે પ્રયોગ કરી રહ્યા છીએ.



### હું મારો નિર્ણય યોગ્ય સમયે કરીશ : મહેન્દ્રસિંહ

શંકરસિંહ વાઘેલા ના પુત્ર મહેન્દ્ર સિંહ ને બાપુના જન વિકલ્પ માં તેમની શું ભૂમિકા રહેશે. તેવા પૂછેલા પ્રશ્ન ના ઉત્તર માં મહેન્દ્ર સિંહે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે જન વિકલ્પ એ બાપુ ની વિચારધારા છે.. જ્યારે રહી વાત મારી તો હું મારો નિર્ણય યોગ્ય સમયે કરીશ. તેમ જણાવ્યું હતું.. સાથે સાથે એમ પણ જણાવ્યું હતું કે મારા અને બાપુ વચ્ચે હજુ સુધી રાજકીય કોઈ ચર્ચા થઈ નથી.. તો બુજીતરફ આજ ની પ્રેસ કોંફરન્સ દરમ્યાન પત્રકારો એ મહેન્દ્ર સિંહ અંગે નો સવાલ શંકરસિંહ ને પૂછતાં તેમણે પણ રાજકીય જવાબ આપતા જણાવ્યું હતું કે મહેન્દ્ર સિંહ એ સ્વતંત્ર વ્યક્તિ છે. એટલે તેઓ હવે શું કરશે?તે પ્રશ્ન તમે તેમનેજ પૂછી જુ ઓ તેમ કહી પત્રકારો ના પ્રશ્ન ટાળવા નો પ્રયત્ન બાપુ એ કર્યા હતો.

### વિચાર વૈભવ...

## ચમેલી

એક ઠેકાણે કેટલાક મજૂરો ભેગા થઈને એક વજનદાર થાંભલો ઉપાડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પોતાનું હતું તેટલું બધું જ બળ એકઠું કરીને તેઓ આ કાર્ય કરી રહ્યા હતા. બધાં જ મજૂરો પરસેવાથી પલળી ગયા હતા.

તેમની નજીક ઉભો રહેલો એક માણસ તેમને સૂચના આપી રહ્યો હતો. જાતજાતના સૂચન આપી રહેલો આ માણસ હટ્ટોકટ્ટો હતો. રૂઆબથી તે બોલી રહ્યો હતો.

ત્યાં જ ત્યાંથી એક બીજો માણસ પસાર થઈ રહ્યો હતો. તેણે આ દૃશ્ય જોયું.

સૂટેડ- બૂટેડ આ માણસે સૂચના આપનાર માણસને પૂછ્યું: 'તમે અહીં ઊભા રહીને માત્ર સૂચનો જ કરો છો. તેઓને થાંભલો ઉપાડવામાં મદદ કેમ નથી કરતા?'

સૂચના આપનારે રોફથી માથું હલાવ્યું અને ગુસ્સાથી થોડુંક ચિડાઈને કહ્યું: 'તમને ખબર છે, હું કોણ છું?'

'ના, મને ક્યાંથી ખબર હોય? હું તો અજાણ્યો છું.' પેલા માણસે નમ્રતાથી કહ્યું.

'હું આ કામનો કોન્ટ્રાક્ટર છું.' પેલાએ વધુ ટટ્ટાર થતાં કહ્યું.

'અચ્છા!' આટલું બોલતાં પેલો આગંતુક વ્યક્તિ મજૂરોને મદદ કરવા માટે આગળ ધસ્યો.. મજૂરો પાસે જઈ પહોંચ્યો અને તેમને મદદ કરવામાં સહાયક બન્યો.

આ જોઈ પેલો કોન્ટ્રાક્ટર થોડોક નરમ પડ્યો.

તેણે પેલા આગંતુકને પૂછ્યું: 'તું કોણ છે?'

પેલી સૂટેડ- બૂટેડ વ્યક્તિએ કહ્યું: 'લોકો મને નેપોલિયન બોનાપાર્ટના નામથી ઓળખે છે અને હું માનું છું કે કોઈને પણ મદદ કરવામાં આપણે સંકોચ ન રાખવો જોઈએ. મોટો તે છે, જે નાનાને મદદ કરે છે.'

આ સાંભળી કોન્ટ્રાક્ટર તેમના પગમાં પડી માફી માંગવા લાગ્યો.

-પં.રાજહંસવિજયજી ગણિ

### સાર સમાચાર...

## ઉત્તર કોરિયાના બહાને પાક પર સુષ્માના આકરા પ્રહારો

નવીદિલ્હી

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે ઉત્તર કોરિયાની નિંદા કરીને પાકિસ્તાન ઉપર આકરા પ્રહારો કર્યા છે. ઉત્તર કોરિયાએ હાલમાં જ અનેક મિસાઈલ પરીક્ષણ કર્યા હતા જેના કારણે કોરિયન દ્વિપમાં તંગદિલી વધી ગઈ છે. આવી સ્થિતિમાં ન્યુયોર્કમાં યુએન બેઠકમાં પહોંચેલા સુષ્મા સ્વરાજે ઉત્તર કોરિયાની જોરદાર ઝાટકણી કાઢી હતી. આ ગાળા દરમિયાન સુષ્મા સ્વરાજે પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે, ઉત્તર કોરિયાના પ્રલિફરેશન લિંકેજની તપાસ થવી જોઈએ.

## પાલનપુરના સાંઈબાબા મંદિર નજીક અકસ્માત: ચાલકનું મોત

પાલનપુર

પાલનપુરના આબુ હાઈવે પર સાંઈબાબા મંદિર પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. પાલનપુરના સાંઈ બાબા મંદિર પાસે અજાણ્યા વાહનએ બાઈકને ટક્કર મારી હતી. જેમાં બાઈક ચાલક રાજેશભાઈ મંગળભાઈ બારોટ રહે.મલાણા તા. પાલનપુર વાળાનું મોત નિપજ્યું હતું. ઘટના ની જાણ થતા દોડી આવેલી પોલીસે મૃતદેહને પી.એમ.અર્થે સિવિલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

## પેટ્રોલિયમ પેદાશોથી ખજાનો ઝડપથી ભરાય છે

# કેન્દ્ર - રાજ્યો પેટ્રોલ અને ડીઝલને GST હેઠળ નહીં લાવે

નવીદિલ્હી,તા. ૧૯

કમાણીને લઈને રાજ્યો ચિંતાતુર દેખાઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરુપે નજીકના ભવિષ્યમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતો અને સર્વિસ ટેક્સને લઈને જીએસટીમાં લાવવાની આશા દેખાઈ રહી નથી. કમાણીની ચિંતા વચ્ચે પેટ્રોલ અને ડિઝલને હાલમાં જીએસટીની હદમાં લાવવામાં આવશે નહીં. રાજ્ય અને કેન્દ્ર સરકાર આની તરફેણ કરી રહ્યા નથી. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન આની જોરદાર તરફેણ કરી રહ્યા હોવા છતાં પેટ્રોલ અને ડિઝલને હાલ જીએસટી હેઠળ લાવવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. પેટ્રોલિયમ પેદાશોથી મળનાર ટેક્સ રાજ્ય સરકારો અને કેન્દ્રના ખજાનાને ફરી કાઢે છે. આવી સ્થિતિમાં કેન્દ્રો અને રાજ્યો અને જીએસટીની અંદર લાવવાની માંગણીની અવ ગણના કરે છે. જો પેટ્રોલ અને ડિઝલ જીએસટી હેઠળ આવી જશે તો બેંગ્લોર સહિત મોટા રાજ્યોમાં આની કિંમતોમાં નોંધપાત્ર ઘટાડો થશે. બેંગ્લોરમાં એક લીટર પેટ્રોલની કિંમત ૭૧.૬૨ રૂપિયા હતી જે સૌથી ઉચા સ્લેબના જીએસટી હેઠળ માત્ર ૪૪.૦૬ રૂપિયા હોય છે.

## રાજ્ય સહકારી બેંકમાં ફરી અજય પટેલ અને શંકરભાઈ ચૌધરી ચુંટાયા



અમદાવાદ

ગુજરાત રાજ્ય સહકારી બેંકના ચેરમેન તરીકે ફરી અજયભાઈ પટેલ અને વાઇસ ચેરમેન તરીકે ફરી શંકરભાઈ ચૌધરી (આરોગ્ય મંત્રી) બીન હરીફ ચુંટાઇ આવ્યા છે. આજે બપોરે બોર્ડ ઓફ ડીરેક્ટર્સની બેઠક મળેલ જેમાં બંન્નેને સર્વાનુમતે ફરીથી ચુંટી કાઢવામાં આવ્યા હતા.

# દીઓદર હાઈવે ઉપર ડાલાની ટક્કરે બાળકનું મોત

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ન જાણ્યું જાનકી નાથે કે કાલે સવારે શું થવાનું છે. હસતો - ખેલતા પરિવાર ઉપર આભ તુટી પડ્યો અને બે બહેનોનો ભાઈ અકસ્માતમાં મોતને ભેટ્યો.દીઓદરમાં ગુરૂદત્ત સોસાયટીમાં રહેતા સિકન્દરભાઈ કુંભાર (મુસલ માન) જેમને સંતાનમાં ત્રણ દિકરા અને બે દિકરીઓ છે. જેમાં ત્રીજા નંબરનો દિકરો અલતાફ ગત રાત્રીના સમયે દુધ લેવા માટે સોસાયટીના નાકે આવેલી દુધ ડેરી ઉપર દુધ લેવા ગયો હતો અને દુધ લઈ પરત જઈ રહ્યો હતો ત્યારે દીઓદર થરા તરફ જતી પીકઅપ ગાડી નં.જી.જે.૫ યુયુ.૫૭૭૮ના ચાલકે ગફલત ભર્યુ ડ્રાઈવીંગ કરી અલતાફની સાઈકલને પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી જેથી સાઈકલ સવાર બાળક બાજુની ખાડીમાં જઈ પડ્યો હતો. જ્યાં ગંભીર ઈજા થતા ઘટના સ્થળે જ બાળકનું મોત નિપજ્યું હતું. ગાડી પણ ખાડીમાં જઈ પલટી ખાઈ ગઈ હતી. ઘટના બાદ આજુ-બાજુમાંથી લોકોના ટોળે ટોળા દોડી આવ્યા હતા અને અલતાફને હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા અને ત્યાં ડોક્ટરે બાળકને મૃત જાહેર કરતા પરિવારજનો ચોધાર આંસુથી રડી પડ્યા હતા. આ ઘટનાના પગે દીઓદર નગરજનો પણ દીઓદર રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને નશાખોર ડ્રાઈવર સામે રોષ વ્યક્ત કર્યો હતો.મૃતક બાળકના પિતાએ દીઓદર પોલીસ મથકે ગાડી ચાલક વિરૂધ્ધ ગુન્હો નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



(અશોક શેઠ)

# ડીસા પાંજરાપોળમાં હૈદરાબાદથી ૩૧ ઊંટ મોકલાયા

### તેલંગણા કોર્ટે ઊંટ ની કતલ પર પ્રતિબંધ મૂકી વતન નજીક મોકલવાનો આદેશ કર્યો

ડીસા

આંધ્ર પ્રદેશમાંથી તેલંગણા અલગ રાજ્ય થતા તેલંગણામાં રાજ્યના મુખ્ય તહેવાર બટુકમ્મા ઉપર ઊંટ ની કતલ પર કોર્ટે પ્રતિબંધ મૂકી એક સંસ્થા દ્વારા ચાલતા કેસના ૩૧ ઊંટ ને હૈદરાબાદથી વતન નજીક મોકલવાનો આદેશ કરતા તમામ ઊંટ ને ડિસાની રાજપુર કાંટ પાંજરાપોળ લવાયા હતા. તેલંગણા માં હાલ બટુકમ્મા તહેવાર ચાલી રહ્યો છે.જેમાં હૈદરાબાદ શહેરની મલક પેટ પોલીસ મથકે ઊંટ ની કતલ અંગે ની નોંધાયેલી ફરિયાદમાં કેસ માં તેલંગાણા કોર્ટ ૩૧ ઊંટ ની કતલ રોકવાનો આદેશ કરી આ ઊંટ ને મરુભુમી રાજસ્થાન અથવા જ્યાં ઊંટ ને અનુકૂળ જગ્યા હોય ત્યાં મોકલવાનો આદેશ કર્યો હતો.



ભરત સુંદેશા

અનુસંધાન પાના નં.૬

# રૂ.૧૦ લાખની ખંડણી માટે પાલનપુરના ભંગારના વેપારીનું અપહરણ કરાયું હોવાની રાવ

### અપહર્ત વેપારી આણંદથી મળી આવ્યો હોવાના અહેવાલ

પાલનપુર

પાલનપુરના અમદાવાદ હાઈવે પર ગઠામણ પાટિયા પાસેથી રૂ.૧૦ લાખની ખંડણી માટે એક ભંગારીનું અપહરણ કરાયાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરના ગઠામણ પાટિયા પાસે અમન સ્ક્રેપ નામે ભંગારનો વ્યવસાય કરતા માસૂકભાઈ મહેબુબખાન પઠાણ ઉ.૪૭ શહેરના આબુ હાઈવે પર આવેલા આનંદ નગર માં રહે છે. જેઓ ગત રાત્રે દુકાન વધાવી બાઈક પર પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે રેલવે ઓવરબ્રિજ પર ફોરવ્હીલર લઈ પાછળ આવી રહેલા અજાણ્યા ચારેક અપરણકારોએ આ વેપારીનું અપહરણ કર્યું હોવાનું કહેવાઈ રહ્યું છે. જોકે, ભંગારીનું રૂ. ૧૦ લાખની ખંડણી માટે અપહરણ કરાયું હોવાનું જાણવા મળ્યું છે.

અપહર્ત ભંગારીની બાઈક પાલનપુરના લડબીનાળા પાસે ખંડેલવાલની ફેક્ટરી પાસેથી મળી આવી હતી. ઘટનાની જાણ થતા પોલીસ અધિકારીઓ સહીતનો કાફલો દોડી આવ્યો હતો. જેઓએ અપહરણ કરાયેલ ભંગારીના મોબાઈલ લોકેશન પરથી તેનું પગેરું મેળવવવાની તજવીજ હાથ ધરી છે.

દરમિયાન, ભંગારના વેપારીના અપહરણને લઈને હરકતમાં આવેલી બનાસકાંઠા પોલીસે અપરણકારોને ઝડપી લેવા તપાસ નો ધમધમાટ તેજ કર્યો હતો. જેના પગલે અપહર્ત ભંગારી આણંદ પાસેથી મળી આવ્યો હોવાના અહેવાલ મળ્યા છે.

જેને એલ.સી.બી.પોલીસ લેવા રવાના થઇ હોવાના અહેવાલ વચ્ચે રિવોલ્વર સાથે ર આરોપી ઝડપાઇ ગયા હોવાનું પણ જાણવા મળ્યું છે. જોકે, સમગ્ર ઘટનાક્રમ અંગે પોલીસ અપહર્ત વેપારીને પાલનપુર લઈને આવે ત્યારે જ પર્દાફાશ થશે તેવું મનાઈ રહ્યુ છે.



સંજય જોષી

# ડીસાના રસાણા ખાતે આવેલ ઓઈલ મીલ સામે ગ્રામજનોનો વિરોધ

### પ્રદૂષણ અને કેમિકલવાળું પાણી બહાર નાંખતા રોગચાળાનો ભય સતત : ઘોંઘાટના કારણે રહીશો અને ઢોરઢાંખર ઊંઘી પણ શકતા નથી : આવેદનપત્ર આપી મીલ બંધ કરવા માંગ કરી

ડીસા

ડીસા તાલુકાના રસાણા ગામે ડીસા-પાલનપુર હાઈવે પર આવેલ ખુશીયા ઈન્ડસ્ટ્રીઝ નામની ઑઈલ મીલ દ્વારા કેમિકલવાળું પાણી બહાર નાખી ગંદકી તેમ જ પ્રદૂષણ ફેલાવતાં આ મુદ્દે ગ્રામજનોએ મીલ બંધ કરવા માંગ કરતું આવેદનપત્ર નાયબ કલેક્ટરને આપ્યું હતું. રહીશો વર્ષ ૨૦૧૩ થી મિલ બંધ કરવાની માગ કરી રહ્યા છે અને જો અવે તંત્ર દ્વારા આ નિર્ણય નહી નહી લેવાય તો ચક્કાજામ તેમજ વિધાનસભા ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરશે.

ડીસા-પાલનપુર હાઈવે પર રસાણા ગામે શિવધામ સામે ખુશિયા ઈન્ડસ્ટ્રીઝ પ્રા લિ.નામની ઓઈલ મિલ આવેલ છે.તેની આજુબાજુ ખેતરો અને રહેણાકના ઘરો અડીને જ આવેલા છે. મિલમાંથી કેમિકલ જમીનમાં ઉતારવા ના કારણે ખૂબ જ પ્રદૂષણ થાય છ. અને તેના કારણે ગંદકી ફેલાય તેમ જ કેમિકલવાળું પાણી પણ ખુલ્લેઆમ બહાર નાખવામાં આવતા આ વિસ્તારમાં રહેતા લોકોને બહાર નીકળવાનું મુશ્કેલ થઇ ગયું છે. કેમિકલવાળા પાણીમાંથી સતત પસાર થતા તેમના સ્વાસ્થ્યને હાનિ પહોંચે છે. અનેક લોકો ચામડીના રોગથી ભોગ બનેલ છે આંખોમાં પણ બળતરા થાય છે જેવી ફરિયાદો રહીશો દ્વારા સતત કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૩ માં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી હતા ત્યારે પણ રહીશો



ભરત સુંદેશા

અનુસંધાન પાના નં.૬

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
● માથાનો દુ:ખાવો ● ખેંચ-વાઈ ● લકવો-પક્ષાઘાત ● મગજનો ટીબી ● ચક્કર ● ગરદન અને કમરના મણકાની તકલીફો ● યાદશક્તિ ઓછી થવી ● હાથપગની ધ્રુજારી ● નસોની નબળાઈ ● હાથપગમાં ઝણઝણાટી ● સાયેટીકા
ર્ડા. વિશાલ જોગી (D.M.Neurology ન્યુરોફીઝીશીયન)
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોક્ટર
દર મહિનાના બીજા અને ચોથા બુધવારે મળશે
પાટણ જનતા હોસ્પિટલ
સરદાર રોડ, પદ્મેલા રેલ્વે નાળા પાસે, પાટણ
દર શુક્રવારે મળશે
ડીસા-રાજસ્થાન હોસ્પિટલ
ર્ડા. કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરી સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા ફોન. ૦૨૭૪૪-૨૨૫૬૨૦

**સૂર્યોદય - ૬.૩૦ સૂર્યાસ્ત - ૬.૩૮**

## તિથિદર્શન
ભાદરવા વદ-0)) બુધવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ : અમાવસ બુધવાર નક્ષત્ર :ઉત્તર ફાલ્ગુની રાત્રે ૧૧.૦૩ પછી હસ્ત યોગ :શુભ કરણ:કિસ્તુઘ્ન આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**પરિત્યજેયં ત્રૈલોક્યં રાજ્યં દેવેષુ વા પુનઃ**
**ન તુ અહમ્ સત્યમ્ ઉત્સૃષ્ટં વ્યવસેયં કથંચન**

'હું ક્યારેય પણ કોઈના ગમે તેવા પ્રયત્ન હોય છતાં હું સત્યને વળગીને જ રહીશ અર્થાત્ સત્યને છોડવાનો કોઈ જ પ્રયત્ન કરીશ નહિં, પછી ભલે ને એના બદલામાં મને ત્રણ લોકનું રાજ્ય છોડવું કેમ ન પડે! અર્થાત્ ત્રણે લોકનું રાજ્ય છોડવું પડે તેમ હોય તો તે છોડીને પણ હું સત્યાશ્રય નહીં જ છોડું.' આજકાલના નેતા- અધિકારી- મિત્રો ગમે તેવાં વચન આપ્યાં હોય, ચૂંટણી પછી બધું ભુલાઈ જાય એમાં 'યુ - ટર્ન' આવી જાય છે. આજકાલ 'ગઠબંધન' કહેવામાં આવે છે. એ જરૂરિયાત પ્રમાણેના ગઠબંધન છે. મુલાયમ સાથે મૈત્રી કેળવી મમતાએ 'રાષ્ટ્રપતિ'ના વિકલ્પો જાહેર કર્યા પણ યુપીએ સરકારે, સોનિયા ગાંધીએ તેની સાથે 'નાણાપ્રધાનપદ' કે તેની પુત્રવધુ માટે પ્રધાનપદની જાળ પાથરી દીધી કે તરત મુલાયમસિંહ કુળ- સંસ્કાર જાતિ અભિમાનની દરકાર કર્યા વિના ગુલાંટ મારી, મમતાનો વિશ્વાસઘાત કરી ફરી યુપીએના ઉમેદવારને ટેકો જાહેર કરી દીધો, એમાં એમને જરા પણ સંકોચ કે નાલેશીનો નખમાત્ર પણ અનુભવ ન થયો. નેતાઓ વાત વાતમાં નિવેદન પાછાં ખેંચે છે અથવા ફેરવી તોળે, 'હું આવું બોલ્યો જ નથી.'

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. દિવસ દરમિયાન આળસ અનુભવાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) નોકરી-ધંધામાં સાનુકૂળતા રહે. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.**
**મિથુન :(ક.છ.ઘ.) પ્રવાસ-મુસાફરી થાય. શુભ સમાચાર મળે.**
**કર્ક : (ડ.હ.) આર્થિક સુખમાં વધારો થાય. યશ, પ્રતિષ્ઠા વધે.**
**સિંહ : (મ.ટ.) કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવે. આરોગ્ય અંગે સંભાળવું.**
**કન્યા : (પ.ઠ.ણ.) મિલ્કતનો પ્રશ્ન ઉકેલાય. મહેનતનું શુભ ફળ મળે.**
**તુલા : (ર.ત.) ચિંતાને કારણે બેચેની રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.**
**વૃશ્ચિક :(ન.ય.) અકારણ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) પડવા-વાગવાથી સંભાળવું. શત્રુવર્ગથી સાવધાની રાખવી.**
**મકર : (ખ.જ.) નાણાંકીય રોકાણ કરવાનું આજના દિવસ પૂરતું ટાળવું. ગૃહવિવાદ.**
**કુંભ : (ગ.શ.સ.) નોકરી ધંધામાં ધાર્યો લાભ મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)મનનું ધાર્યું થાય. આનંદ ઉત્સાહ વધે.**

# ગરબા મંડપ અને ચાચર ચોકનો શણગાર


વિનોદ બાંડીવાલા

નવલા નોરતા આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યારે ડીસા સહિતના શહેરી બજારોમાં ગરબાના મંડપો અને ચાચર ચોકની સાજ- સજાવટ માટે આકર્ષક રોશની, કાગળના ફુલ, તોરણો, જરી, ઝુમ્મર, કાગળની રીબિનો, બોર્ડ વગેરે અવનવી ચીજવસ્તુઓ ઠલવાઈ છે. જેની ખાસ કરીને ગામડાના લોકો ખરીદી પણ કરવા લાગ્યા છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૧૦૦૯૭ પોઈન્ટ મહત્વની સપાટી....!!!

**તા ૨૦.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૧૦૧૬૯) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૨૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૦૯૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૧૯૩ પોઈન્ટ થી ૧૦૨૦૨ પોઈન્ટ, ૧૦૨૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ACC લિમિટેડ (૧૮૨૬) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૧૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૯૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૪૭ થી રૂ.૧૮૫૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૬૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) યશ બેન્ક (૧૮૬૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૫૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૮૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૮૮૧ થી રૂ.૧૮૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) કોટક બેન્ક (૧૦૩૫) :- રૂ.૧૦૧૯ પ્રથમ તેમજ રૂ.૧૦૧૩ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૫૪ થી રૂ.૧૦૬૧ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) લ્યુપિન લિમિટેડ (૧૦૦૭) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૨૩ થી રૂ.૧૦૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) સન ફાર્મા (૫૧૬) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૦૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૩૭ થી રૂ.૫૪૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC બેન્ક (૧૮૪૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૬૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૨૮ થી રૂ.૧૮૧૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૬૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) મહેન્દ્રા મહેન્દ્રા (૧૨૯૯) :- રૂ.૧૩૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૨૮૧ થી રૂ.૧૨૭૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૩૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ઇન્ફોસિસ (૯૧૩) :- ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૨૯ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૮૯૬ થી રૂ.૮૯૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) HCL ટેકનોલોજી (૮૯૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૦૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૮૦ થી રૂ.૮૬૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૧૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) ગ્લેનમાર્ક ફાર્મા (૬૧૫) :- રૂ.૬૩૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૬૦૩ થી રૂ.૫૯૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૪૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# વાવ ગાયત્રી વિદ્યાલય ખાતે ત્રણ તાલુકાનો ગણિત-વિજ્ઞાન મેળો યોજાયો


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ ખાતે ટુંકા સમયમાં બહોળી પ્રસિધ્ધી હાંસલ કરેલ અને શિક્ષણક્ષેત્રે અગ્રહરોળમાં ચાલતી બ્રહ્મસમાજની સંસ્થા એવી ગાયત્રી વિદ્યાલય વાવ ખાતે ગતરોજ તા.૧૮-૯-૨૦૧૭ ના રોજ વાવ-સૂઈગામ-ભાભર એમ ત્રણ તાલુકાની સ્કૂલોનું ગણિત-વિજ્ઞાનના મેળાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સ્કૂલોએ વિવિધ કૃતિઓનું કલાપ્રદર્શન અને વિજ્ઞાન પ્રદર્શન રજુ કરી સૌકાઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જે પ્રસંગે જિ.પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે, ડો.હાર્દિક કાપડીયા(આસ્થા હોસ્પિટલ), વાવ મામલતદાર સી.જે. નિનામ, તા.પંચાયત વાવ પ્રમુખ અમીરામભાઈ જોષી, પીરાભાઈ ગામોટ, ભગવાનભાઈ વ્યાસ, ડો.કીર્તિભાઈ જોષી, કમલેશભાઈ આચાર્ય, મનુભાઈ મહેતા, બ.કાં.જિ.શિક્ષક સંઘના પ્રમુખ હુઠાજી વેંઝીયા, ડો.હીરજીભાઈ પટેલ સહિત બહોળી સંખ્યામાં અગ્રણીમિત્રો, શિક્ષકમિત્રો, વિદ્યાર્થીમિત્રો, પત્રકારમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ગાયત્રી વિદ્યાલય વાવ તરફથી સુંદર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાને સફળ બનાવવામાં ગાયત્રી વિદ્યાલયના આચાર્ય મહેશભાઈ મઢવી સહિત શાળાના સ્ટાફ મિત્રોએ તેમજ વિદ્યાર્થીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# વખા ખાતે ૧૪મું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન ૨૦૧૭-૧૮ યોજાયું


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના વખા મુકામે આવેલ ક્રિષ્નાકુંવર બા સ્કુલ ઓફ સાયન્સ વખા ખાતે તા.૧૮-૯-૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૧૦ કલાકે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાલનપુર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,પાલનપુર દ્વારા આયોજીત વિણાવાદિની શાળા વિકાસ સંકુલ,દિયોદરનું દીઓદર,કાંકરેજ અને ભાભર તાલુકાનું ૧૪મું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન- ૨૦૧૭-૧૮ ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ગુમાનસિંહજી વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. કાર્યક્રમના પ્રારંભે દિપ પ્રાગટ્ય કરી, રીબીન કાપી પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવેલ.આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં દીઓદર,કાંકરેજ અને ભાભર તાલુકાની વિવિધ ૩૫ જેટલી શાળાઓએ ભાગ લીધેલ.જેમાં ૫ વિભાગમાં કુલ ૫૪ જેટલી વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવેલ.જેમાં માધ્યમિક વિભાગમાંથી ૫ તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી ૫ કૃતિઓ સિલેકશન કરવામાં આવેલ.જે આ કૃતિઓ હવે જીલ્લા કક્ષાના પ્રદર્શનમાં ખુલ્લી મુકવામાં આવશે.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના મંત્રીશ્રી કેશાજી ચૌહાણ,દીઓદર પ્રાંત ઓફીસર એ.ડી.ચૌહાણ,દીઓદર તાલુકા પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહજી વાઘેલા,દીઓદર માર્કેટયાર્ડના ચેરમેન શીવાભાઈ ભુરીયા, દીઓદર તાલુકા કેળવણી મંડળના ચેરમેન પ્રવિણસિંહજી વાઘેલા, કનુભાઈ પઢીયાર, આદર્શ હાઈસ્કુલના આચાર્યશ્રી ભગવાનભાઈ પટેલ, વિ.કે.વાઘેલા હાઈસ્કુલના આચાર્ય એ.પી. ભાટી, ક્રિષ્નાકુંવરબા સ્કુલ ઓફ સાયન્સના આચાર્ય શૈલેષભાઈ પઢીયાર, લાયઝન ઓફીસર ઓ.એચ.પરમાર, લાયઝન ઓફીસર યુ.પી.બલોચ સહીત મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ, બાળકો, પધારેલા તમામ શાળાના આચાર્યઓ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમ દરમ્યાન વિ.કે.વાઘેલા હાઈસ્કુલના શિક્ષક મિત્રો તેમજ કોલેજના તમામ સ્ટાફે સારી એવી જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ.કાર્યક્રમનું સંચાલન હરદેવભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ.

## દાંતીવાડામાં વડાપ્રધાનના જન્મ દિન નિમિત્તે ફ્રુટ વિતરણ


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મૉદી ના ૬૮મા જન્મ દિવસનીમીતે દૉતીવાડા તાલુકા ભાજપ દ્વારા સેવા વસ્તી મા ફ્રુટ વિતરણ કાયઁકમ યૉજાયૉ મા આવ્યો પૉથાવાડા ગામે હૉસ્પિટલમાં દર્દીઓને ફ્રૂટ વિતરણ તેમજ દૉતીવાડા કૉલૉની સેવા વસ્તી મા ફ્રુટ વિતરણ કરવા મા આવ્યો કાર્યક્રમોમાં તાલુકા ભાજપ પમુખ નટુ ભાઈ ચૉધરી પૂર્વ જીલ્લા મહામંત્રી જયેન્દ્ર ભાઈ જોષી મારકેટ યાર્ડ ચેરમેન હરજીવન ભાઈ ભુતડીયા તાલુકા ભાજપ મંત્રી ઈશ્વર ભાઈ દેસાઈ જીલ્લા કીસાન મોરચા મંત્રી હરનાથભાઈ તાલુકા ભાજપ મહામંત્રી દિનેસભાઈ મેવાડા સુધીરસીહ ગોહિલ યુવા મૉરચા પ્રમુખ દિનેસભાઈ બોકા યુવા મોરચા મંત્રી ત્રીકમભાઈ પૂરોહીત મણીનાથ ગૌસ્વામી તમેજ મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહી કાયઁકમ ને સફલ બનાવેલ.

# પશુપાલનનો વ્યવસાય કઈ રીતે કરવો ? ફિલીપાઈન્સના ડેલીગેશને શેરગઢના પશુપાલક પાસેથી માહિતી મેળવી

### બનાસ ડેરીની મુલાકાત લઈ ધાનેરા શેરગઢ ગામે જઈ નિરીક્ષણ કર્યુ


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

દુધ ઉત્પાદન અંગે એશિયામાં નામ ગુંજતુ કરનાર બનાસ ડેરી પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન મેળવવા ફિલીપાઈન્સનું ડેલીગેશન બનાસ ડેરીની મુલકાતે આવ્યું છે. ફિલીપાઈન્સમાં દુધ ઉત્પાદન વધે અને પશુપાલનનો વ્યવસાય કઈ રીતે કરી શકાય તેની માહિતી મેળવવા તેઓએ ધાનેરાના છેવાડે આવેલા શેરગઢ ગામના પશુ પાલકોની મુલાકાત લીધી હતી.

ગુજરાતમાં થયેલી શ્વેતક્રાંતિની વિશ્વભરમાં નોંધ લેવાઈ છે. આ શ્વેત ક્રાંતિમાં બનાસડેરીનો ફાળો વિશેષ રહ્યો છે. દરરોજ ૪૦ લાખ લીટર દુધ ઉત્પાદન કરનાર બનાસ ડેરીએ એશિયામાં નામના મેળવી છે. ત્યારે સૌથી ઓછુ દુધ ઉત્પાદન કરનાર ફિલીપાઈન્સ દેશે પણ ગુજરાતની શ્વેત ક્રાંતિથી પ્રેરણા લઈ દુધ ઉત્પાદન વધારવાની પહેલ કરી છે. જે માટે ફિલીપાઈન્સના એક ડેલીગેશને પશુપાલનનો વ્યવસાય કેવી રીતે કરવો દુધ ઉત્પાદન માટે પશુપાલકો દુધ મંડળીઓ અને બનાસડેરી કઈ રીતે કામ કરે છે તેની ઉત્તમ માહિતી મેળવવા બનાસડેરીની મુલાકાત લીધી હતી અને ધાનેરા તાલુકાના શેરગઢ ગામના અને દુધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રીમ સ્થાને રહેલા પ્રેમાભાઈના ખેતરની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત ગામમાં ખેતરે ખેતરે જઈ પશુ પાલન વિશે જાણકારી મેળવી હતી.

**વધારે દુધ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તે જાણ્યું : રેમ્બી રિકોટર (ડાયરેક્ટર, કૃષિ વિભાગ, ફિલીપાઈન્સ)**

અમારા દેશમાં દુધ ઉત્પાદન ઓછુ થાય છે. આથી તેને કેવી રીતે વધારી શકાય અને પશુપાલનથી લઈ ડેરી સુધીની પ્રક્રિયા વિશે જાણકારી મેળવી છે.

**અમારા દેશના પશુપાલકોને માર્ગદર્શન આપીશું : માર્લીન માલ્સે (સંચાલક ડેરી બોર્ડ, ફિલીપાઈન્સ)**

અહીની દુધ વ્યવસ્થા અને સંચાલન જોઈ પ્રભાવિત થયા છીએ. અમારા દેશના પશુ પાલકોને તે વિશે માર્ગદર્શન આપીશું.

# વડગામમાં યુવા રોજગાર કાર્યક્રમ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

તાલુકા મથક વડગામની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર હાઈવે રોડ પાસે ગઈકાલ સોમવારે ધારાસભ્ય મણિભાઈ વાઘેલાની અધ્યક્ષતામાં 'યુવા રોજગાર અભિયાન' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તા.પં.પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, તા.કોંગ્રેસ પ્રમુખ યાસીનખાન ખોખર, તા.પ.ઉપપ્રમુખ બળદેવજી ઠાકોર દ્વારા બેરોજગાર યુવાનોની ફોર્મ ભરી નોંધણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શેરપુરા(સે.)પૂર્વ સરપંચ રફીખાન પઠાણ, મનુભાઈ રાઠોડ, ડેલિગેટ ડી.એમ.પટેલ, યોગેશભાઈ ચૌધરી વગેરે અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન તા.કોં.પ્રમુખ યાસીનખાન કે.ખોખર(ચાંગા) એ કર્યું હતું.

# દીઓદર વિસ્તારમાં રાજ્ય મંત્રીના પ્રયાસોથી ૨૮ લાખના ખર્ચે ફાઈટરની સુવિધા

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર વિધાનસભા વિસ્તારમાં તેમજ લાખણી વિસ્તારમાં બંન્ને તાલુકાના વિધાનસભા વિસ્તારમાં ગુ.રા.ના સમાજિક અને શૈક્ષણિક વર્ગોના કલ્યાણ મંત્રી શ્રી કેશાજી ચૌહાણના પ્રયાસોથી જીલ્લા કક્ષાએ થી રૂા.૨૮ લાખની ગ્રાન્ટ બંન્ને તાલુકાને સંયુક્ત રૂપે ભુગર્ભ ગટરના રીપેરીંગ અર્થે ફાયટરની સુવિધા આપવાનું રાજ્ય સરકાર દ્વારા કરવમાં આવેલ છે.



દીઓદર ગ્રામ પંચાયતમાં દસ કરોડના ખર્ચે બનાવેલી ગટરો કોન્ટ્રાકટર અને અધિકારીઓની મીલીભગતના કારણે થયેલા હલકી કક્ષાના કામોને કારણે આજે દીઓદરની જનતા પરેશાની ભોગવી રહી છે. ઠેર ઠેર ગટરો ઉભરાય છે. તેમજ ચોકઅપ થઈ રહી છે. આ બાબતે દીઓદર સરપંચશ્રી ગીરીરાજસિંહજી વાઘેલા દ્વારા રજુઆત કરતાં દીઓદર ધારાસભ્ય કમ રાજ્યમંત્રી કેશાજી ચૌહાણે તેમના મત વિસ્તારના દીઓદર અને લાખણી તાલુકા માટે રૂા.૨૮ લાખની ગ્રાન્ટ મંજુર કરાવી ફાઈટર આપવાનો નિર્ણય કરાયો છે.

દીઓદર પંથકમાં ગટર ચોકપ થાય અને ઉભરાય ત્યારે સુરેન્દ્રનગર કે રાજકોટ થી ફાયટર મંગાવવાં પડતાં હતાં તેના કારણે પ્રજા અનેક મુશ્કેલીઓનો સામનો કરતી હતી.આમ હવે બંન્ને તાલુકા વચ્ચે ફાયટર આવતાં લોકોની સુવિદ્યામાં વધારો થશે.

# સરદારપુરા(ર.) ગામે સ્વાઈન ફ્લૂ વિરોધી ઉકાળાનું વિતરણ


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના સરદારપુરા(ર.) ગામે પી.એચ.સી. રવેલ તરફથી સ્વાઈન ફ્લૂના અમૃતમય ઉકાળાનું આયોજન કરવામાં આવેલ જેમાં અંદાજે ૧૨૯૧ જેટલા લોકોએ આ સ્વાઈન ફ્લૂના અમૃતમય ઉકાળાનું સેવન કરી લાભ લીધેલ.આ કાર્યક્રમને સફળ બનાવવા ડો.રાહુલ મોદી,વિજયભાઈ જોષી (M.P.H.W.)અંકિતાબેન નાઈ(F.H.W.) તેમજ ૧૦૮ના પાઈલોટ નાઈ દિનેશભાઈ તથા પ્રાથમિક શાળાના શિક્ષકો,શેઠ કે.બી.વિદ્યામંદિરના શિક્ષકો અને માળી ફાર્મ શાળાના શિક્ષક મિત્રોએ પુરતો સહયોગ આપી આ કાર્યક્રમ સફળ બનાવેલ.

# ટેટોડા માતૃકૃપા ચંચળબા હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રદર્શન

ડીસા

ડીસા તાલુકાની ટેટોડા માતૃકૃપા ચંચળબા હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ હતુ. જેમાં ૪૦ જેટલી શાળાના બાળકોએ ૮૮ કૃતિઓ રજુ કરી હતી. જેમાં શ્રેષ્ઠ જાહેર થયેલ કૃતિઓમાં બાલ વૈજ્ઞાનિકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે ડીસા માર્કેટયાર્ડના વા.ચેરમેન કરશનકાકા, આદર્શ હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય શિવરામભાઈ પ્રજાપતિ, વિજ્ઞાન પ્રદર્શનના કન્વીનર દીપ્તીબેન, તા.શિક્ષણાધિકારી (પાલનપુર), જુના ડીસાના પૂર્વ સરપંચ શાંતિકાકા બ્રહ્મભટ્ટ, ટ્રસ્ટીઓમાં સુરેશભાઈ બ્રહ્મભટ્ટ, કિરીટભાઈ બ્રહ્મભટ્ટ અને કરણભાઈ બારોટ સહિત મોટી સંખ્યામાં આગેવાનો, ગ્રામજનો હાજર રહ્યાં હતાં. અમદાવાદના ચિરાગભાઈ પરીખ પણ ખાસ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય જેન્તીભાઈ પટેલ, મુખ્ય શિક્ષક નાગજીભાઈ પટેલ અને શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. શાળા પરિવાર દ્વારા તમામને ભોજન પણ આપવામાં આવ્યું હતુ.

# અમીરગઢના ઢોલિયા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



પ્રતિ. ઈકબાલગઢ

રાજ્ય સરકારની પ્રજાલક્ષી વ્યક્તિગત સચોટ અને ચોક્સાઈપૂર્વકની યોજનાઓનો લાભ પ્રજાને મળતો રહે તથા પ્રજાને વ્યક્તિગત પ્રશ્નનો નિકાલ સ્થળ ઉપર કરવાના હેતુથી સરકાર દ્વારા અમીરગઢ તાલુકાના ઢોલીયા ગામે તાલુકા કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ સેવા સેતુ કાર્યક્રમમાં ઢોલીયા, કાળીમાટી, ગાંગુ, લક્ષ્મીપુરા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં જાતિ-આવકના દાખલા, રેશનકાર્ડની લગતી કામગીરી, આધારકાર્ડ, બેંકને લગતી કામગીરી, સ્વાઈન ફ્લૂ ના રોગોની દવાઓ જેવી અનેક પ્રકારની સેવાઓ આપવામાં આવી હતી. જેનો મોટા પ્રમાણમાં લોકોએ લાભ લીધો હતો. આ સેવા સેતુ કાર્યક્રમમાં અમીરગઢ મામલતદાર બી.જી.વર્મા સહિત દરેક કચેરીના સ્ટાફ સહિત ગામના સરપંચ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# પૂ. કીર્તિદર્શનવીજયજી મ.સા. કાલધર્મ પામ્યા



ડીસા

મૂળ પાટણના અને ડીસામાં વસવાટ કરતા ધર્મશીલ પરિવાર નેમચંદભાઈના પુત્ર મહાસુખભાઈના બે સુપુત્રો કુમારભાઈ અને મૂકેશભાઈ એ પૂજ્ય ગુરુમાં પન્યાસ ચંદ્રશેખરવીજયજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કર્યો હતો. જેમાં કીર્તિદર્શનવીજયજી અને મેઘદર્શનવિજયજી બન્યા હતા. અને અનેક શાસન પ્રભાવના કરી હતી. જો કે આયુષ્ય કર્મ પૂર્ણ થતાં કીર્તિદર્શનવીજયજી મુંબઈ મુકામે કાલધર્મ પામ્યા છે.

# દિયોદર તાલુકાની રામપુરા (ધુ) ગામે ઠાકોર સેનાની બેઠક યોજાઈ

પ્રતિનિધિ કોતરવાડા

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના રામપુરા (ધુણસોલ) ગામ કમિટી દ્વારા રામપુરા જોગણી માતાજીના મંદિરમાં ઠાકોર સમાજના યુવાનો અને વડીલોની બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં દિયોદર તાલુકાના ઠાકોર સેનાના હોદ્દેદારોએ હાજરી આપી હતી. આ મિટીંગમાં વ્યસનમુક્તિની સાથે સમાજ જાગૃતિની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મિટીંગમાં તાલુકાના હોદ્દેદારોએ સંગઠનને મજબુત બનાવવા અને ગામના તમામ લોકોને સાથે લઈ તા. ૨૪/૯/૧૭ ના રોજ પાટણ અને તા. ૯/૧૦/૧૭ ના રોજ જનાદેશ ગાંધીનગર મહા સંમેલનમાં વિશાળ સંખ્યામાં હાજરી આપવા અનુરોધ કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી ...

### જે લોકો સફળ નથી થયા એ જ લોકો સફળતાનું રહસ્ય જાણે છે

# કાળાં નાણાંના પ્રશ્ને હજુ સરકારે ગંભીર બનવું જરૂરી

નોટબંધી સંદર્ભે તાજેતરમાં રાજધાની ખાતે રિઝર્વ બેન્કે તેના એક અહેવાલમાં જણાવેલ કે નોટબંધી વખતે દેશમાં કુલ રૂા. ૧૫.૫૫ લાખ કરોડની ચલણી નોટો ફરતી હતી. તેમાંથી નોટબંધી પછી રૂા. ૧૬૦૦૦ કરોડની નોટ પરત આવી નથી. બાકીની તમામ નોટ પાછી આવી ગયેલ છે. આ પરત આવેલી નોટોને ગણવામાં બેન્કને આશરે એક વર્ષનો સમય લાગ્યો છે.

રિઝર્વ બેન્કના આ અહેવાલનો સીધો અર્થ એ થાય કે નોટબંધી પછી ચલણમાં ફરતી જુની નોટોમાંથી ૯૯ ટકા નોટો પરત આવી ગઈ છે. માત્ર એક ટકો નોટો પરત આવવાની બીક છે.

નોટબંધી પછી કેટલી જુની નોટો બદલાવ્યા વગરની લોકો પાસે રહી ગઈ તે બધું કાળું નાણું હતું. અને તે નોટોનું મૂલ્ય કાગળિયા જેટલું જ થઈ જવાનું હતું. પરંતુ પંચકો દ્વારા એવું સત્ય એ બહાર આવ્યું છે કે તેનું કશું જ થયું નથી. માત્ર એક ટકો જુની નોટ લોકો પાસે લેવાની બાકી રહી ગઈ છે. ખરેખર રિઝર્વ બેન્કની કામગીરી ખૂબ જ વખાણવા લાયક માની શકાય.

ત્યારે હવે મહત્વની બાબત એ છે કે જો વિમુદ્રીકરણના સરકારના અતિશય મહત્વાકાંક્ષી ને કાળા નાણા ઉપરની સર્જીકલ સ્ટ્રાઈક જેવાં આ પગલા પણ માત્ર એક ટકા જેટલી ચલણી નોટ રિઝર્વ બેન્ક પાસે પરત આવવાની બાકી છે. ત્યારે હાલમાં ચલણમાં ફરતા કાળાં નાણાનું શું? સરકારે નોટબંધીના ત્રણ હેતુ લોકોને સમજાવ્યા હતા. તેમાં (૧) કાળુ નાણું નાબૂદ કરવું. (૨) ચલણમાં ધુસાડાતી નકલી નોટો ઉપર નિયંત્રણ લાવવું અને (૩) આતંકવાદીઓને મળતો નાણાંનો પ્રવાહ અટકાવવો જોઈએ. જો કે એક વર્ષ બાદ આમાંનો એક પણ હેતુ પાર પડ્યો નથી. તેવું દેશના અર્થશાસ્ત્રીઓનું માનવું છે.

નોટબંધી દરમ્યાન લોકોને પડેલી હાડમારી અને નોટ બદલાવવા માટે લાઈનની કતારમાં સમય બગડ્યો તેનો કોઈ અર્થ સરી શક્યો નથી. જૂની નોટો બદલવા માટે લોકોને બેન્કોના ઉંમરે ત્રણ ત્રણ મહિનાઓ સુધી ભોગવેલી હાડમારી તદ્દન નકામી ગઈ હોવાનું પણ માની શકાય. કેન્દ્ર સરકારના ત્રણે ત્રણ હેતુ ફાયદાકારક નિવડ્યા નથી. તે વાત ચોક્કસ છે. સરકારને નોટબંધીનો નિર્ણય ખુબ જ ખર્ચાળ સાબિત થયો છે.

૨૦૧૬-૧૭ ની દેશની કુલ રાષ્ટ્રીય આવક (જીડીપી) રૂા. ૧૫૧.૮૪ લાખ કરોડની હતી. તે હિસાબે જીડીપીના માત્ર ૦.૧ ટકો પાછી નથી આવી. તેના માટે સરકારને જીડીપીના એક ટકા જેટલું ખર્ચ થયું છે, આ કવાયત લાખના બાર હજાર કરનારી પુરવાર થયેલ છે.

વિશ્વ બેન્કના એક અહેવાલ મુજબ ભારતમાં તેની કુલ રાષ્ટ્રીય આવકના ૨૫ ટકા જેટલું કાળું નાણું અસ્તિત્વમાં છે. તેમાંથી ૧૦ ટકા સ્થાવર અસ્ક્યામત તેમજ પાંચ ટકા સોનું ઝવેરાત પાછળ રોકાયેલું છે. તે જોતા જીડીપીના ૧૦ ટકા જેટલું એટલે કે ૧૫ લાખ કરોડનું કાળું નાણું ચલણમાં ફરે છે. મતલબ કે સરકારનો સંકલ્પ નોટબંધી અંગે અધૂરો રહી જવા પામ્યો છે.

## ફેશન બ્રાન્ડ સ્પાનનું વિસ્તરણ માટે રૂ.૧૦૦ કરોડના રોકાણનું આયોજન

અમદાવાદ

અમદાવાદ સ્થિત મહિલા એથનિક વેર બ્રાન્ડ, સ્પાન સમગ્ર ભારતમાં તેના વિસ્તરણ માટે તૈયાર છે. કંપની મુંબઇ, ચેન્નઈ, બેંગ્લોર, હૈદ્રાબાદ, પુના અને અન્ય ઘણા મોટા શહેરોમાં બીજા ૭૫ એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ (ઇબીઓસ)નો ઉમેરો કરશે. ૨૦૨૦ સુધીમાં આ વિસ્તરણ બાદ, કંપનીના કુલ ૧૦૦થી વધુ ઇબીઓસ અને લગભગ ૬૦૦થી વધુ મોટા ફોરમેટ સ્ટોર્સ (એલએફ એસ) સમગ્ર ભારતમાં થશે. કંપની અમદાવાદમાં રિટેલ અપરેલ બ્રાન્ડ માટે વેરહાઉસ સેટ કરવા તૈયાર છે. ભારતમાં સિંગલ રિટેલ બ્રાન્ડમાં આ સૌથી મોટા વેરહાઉસમાંથી એક બનશે.

ટ્રેન્ડ અનુસાર જોવામાં આવ્યું છે કે, ભારતીય મહિલાઓ એથનિક વેર માટે હજી પણ સ્ટોર્સ કે પછી મોલમાંથી ખરીદી કરવાનું વધુ પસંદ કરે છે. તેઓ કપડાને મહેસુસ કરવા, કાપડની ગુણવત્તા જોવાનીતથા તેના રંગોનો વિકલ્પ પણ ચેક કરવા ઇચ્છે છે. એથનિક વેરમાં ઓનલાઇન આ બધુ જોવું અત્યંત મુશ્કેલ છે.

## જ્યાં પ્રીતિ ત્યાં ઉત્પત્તિ

તમે બટાટા આદિ કંદમૂળ ખૂબ ભાવે છે તો તું ત્યાં જ ઉત્પન્ન થઈ જવા તૈયાર રહે જે.

પેલો દેવશર્મા બ્રાહ્મણ ! પૂજ્ય ગણધર ભગવંત ગૌતમસ્વામીએ ખૂબ જ પ્રતિબોધ કર્યો પણ 'મને મારી ઘરવાળી ખૂબ વહાલી છે એણીને હું નહી છોડી શકું' એમ કહી ગણધર ભગવંતના આત્મોન્નતિકારક વચનો પણ ગણકાર્યો નહી, પ્રિયતમાના પ્રેમમાં ઉભો થયો-ટકરાયો-મર્યો ત્યાં જ પ્રિયતમાના શરીરમાં કૃમિ-કીડા તરીકે ઉત્પન્ન થઈ ગયો.

અરે અત્યંત ઉંચી ભોગ સામગ્રી પામેલા અચ્યુત(૧૨મા) દેવલોકના દેવો, એ પૈકીનો કોઈક દેવ...એને પૂર્વ ભવની-પોતાના મનુષ્યભવની પ્રિયા યાદ આવી તે દેવ તે મનુષ્ય સ્ત્રીના પાસામાં ફસાણો-લણટાણો-બહુ વહાલી કરવા ગયો...પરિણામે એ એજ અશુચિ પદાર્થોથી ભરેલી માનવીસ્ત્રીની કુક્ષીમાં જ ગર્ભ તરીકે ઉત્પન્ન થયો. પૌદગલિક પદાર્થની રાગાંધતા શું નુકશાન ન કરે ? કેવા ખતરનાક પરિણામ લાવી શકે છે ? જ્યાં પ્રીતિ ત્યાં ઉત્પત્તિ.

પેલો નંદ મણિયાર..પાણીના અત્યંત દુદર્યાનમાં મરીતે પાણીમાં જ દેડકા તરીકે જન્મ પામી ગયો..વાવડી નંદનંવન રત્નોની અત્યંત આસક્તિવાળા દેવો મરીને જળમાં વનસ્પતિકાયમાં પૃથ્વીકાયમાં જન્મ પામી જાય છે.કહ દો કોઈ ના કરે બહુ પ્યાર !

**પં.શ્રી ગુણસુંદર વિજયજી ગણી**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ઈ વઉવારુનું શું થતું હશે?

**ગતાંકથી ચાલુ**

પણ ડાહીબાનું હૈયું તો અલગ રીતે વલોવાતું હતું. 'હાય... હાય... ભઈલા, માદેવજીને જો આપવું હશે ને તો મેનતની કમાણી આપશે. આમ બારોબાર બિચારી કોઈ કોડભરી વઉવારુંનું આણું...?' ડાહીબાને ચાલીસ વર્ષની ઉંમરે રંડાપો આવેલો... કોઈ મોટી આવક કે ધંધો ન હતો. એટલે વિધવા બન્યા પછી બે છોકરાંના પેટ ભરવાની જવાબદારી ય પોતાના માથા ઉપર. મહેનત - મજૂરી કરીને ઘરનું ગાડું ચલાવે. એવી મહેનત મજૂરીમાં ભગવાન શિવને આપવું હોય તો કેવી રીતે આપે? આમ જ અપાય ને? બાકી પચીસ તોલા સોનાનો ઢગલો તો કેવી રીત મહેનત મજૂરીમાં મળવાનો હતો? ડાહીબાએ વસ્તુ હતી તેમ ગોઠવી. ટંક બંધ કર્યો. જાણે જોવા ય ના માગતાં હોય તેમ...! ડાહીબાની ભાભીએ બાજુમાં મૂકેલો કળશ્યો ઊઠાવીને કહ્યું- 'સરખે-સરખી ટંકડી હશે તે બદલઈ જઈ હશે બુન...! પણ લ્યો, હવે તમે પાણી પી લ્યો..! હું છોકરાં માટે ગોળ ને ટોપરું લઈ આવું ને તમે શું ખાશો...?'

'ભાભી, જ્યાં સુધી આ ટંક ઈ વઉવારું પાહે ના પોંચે, તાં લગી મારે મોઢે અન્નનો દાણો હરામ છે...' ડાહીબાએ કહ્યું.

'હેં...? હેં? તું તો ગાંડી કે ડઈ?' હરિભાઈ જરાક તણખ્યા.

'જે ગણે ઈ ભઈલા, પણ મારે ગળે કોળિયો ચ્યન કરીને ઉતરે?' ડાહીબાએ ગળગળા સાદે કહ્યું.

'ચ્યમ ના ઉતરે? તેં કોઈ ચોરી કરી છે? તેં ટંકડી ઊઠાવી છે? ભૂલથી આવી ગઈ છે ને પાછો તું જીવે ય બાળે છે. હવે એમાં લાઘણ કરવાની શું જરૂર...?' હરિભાઈ શિવરામભાઈ ઠક્કરનું એકને એક બે જેવું ગણિત હતું. પણ ડાહીબાને એ ગણિત અટપટું લાગતું હતું. એમની સામે તો જાણે પેલી વહુ ઘૂમટો તાણીને ઊભી હોય... આંસુડાં પાડતી હોય... વલવલતી હોય... કરગરતી હોય એ જોઈને બોલાઈ જાય એવાં વેણ એમનાથી બોલાઈ ગયાં. 'ભઈલા, આ જેની બેગ હશે ઈ વઉવારું ઉપર શું વીતતી હશે? શિવઃ શિવઃ શિવઃ' કહેતાં - કહેતાં ડાહીબાનો કંઠ રૂંધાયો.

'મારી બા કોઈ અજાણી વહુવારું ના કાલ્પનિક દુઃખને યાદ કરીને આમ રડે, વલવલે એ તર્ક મારા મગજમાં ઉતરતો જ ન હતો. પણ સ્પંદન ભાગ-૧ પુસ્તક વાંચ્યા પછી એ ખ્યાલ આવ્યો કે જગતમાં એવાં ઋજુ હૈયાં ય હોય છે.. અને મને આ પ્રસંગનું સ્મરણ થયું, એમ કહીને વરધીભાઈએ આ ઘટના મને કહી.

મેં પૂછ્યું- 'પછી શું થયું?'

'ઓમ નમઃ શિવાયઃ ઓમ નમઃ શિવાય' નો જાપ ડાહીબાએ ત્યાં સુધી ચાલુ રાખ્યો, જ્યાં સુધી એ ટંકના અસલ માલિક પોતે ટંક લેવા ના આવ્યા... ડાહીબા થોડી-થોડી વારે જીવ બાળ્યા કરે- 'બિચારી એ વઉવારુંનું શું થતું હશે? કેટલા કોડ લઈને એ પિયરથી આઈ હશે? હરખમાં ને હરખમાં એક સરખો ટંક જોઈને ઉતારી લીધો હશે. અને ઘેર જઈને સાસુ-સસરાની હાજરીમાં...' ને ડાહીબા વાત કરતાં- કરતાં અટકી જાય. મોટો નિસાસો નાખે.

સાસુનાં મહેણાં .... સસરાના વાઢી નાખે એવા શબ્દો ને જો ધણીનો સ્વભાવ આડો હોય તો એ તો એને કેવા કેવા ઘા મારતો હશે?

'હાય.... હાય... એના અંતરમાં તો શારડી વીંધાતી હશે? ભગવાન ભોળાનાથ, તેં મને આવા પાતકમાં ક્યાં પાડી?'

હરિભાઈ ઠક્કર પોતાની બહેનને સમજાવે- બેન, ઈ વઉવારુંએ જ બેગ ઉપાડી હશે, એવું તું કેમ માની લે છે? આણું હશે તો એને તેડવા ચાર- પાંચ માણસો ગયા હશે. એમાંથી કોઈએ ઉતાવળે -ઉતાવળે તમારી બેગ લીધી હોય; આવું કેમ ના બને? ને બધી સાસુઓ કાંય મેણાં ના મારે? બધા સસરા એવા ન હોય; સારા ય હોય. વહુને ના બોલે કાંઈ... તું અવળું - અવળું શું કામ વિચારે છે? મેં કહ્યું એવું ય વિચારી શકાય ને? '

વાગડ વિશે એક લોકગીત છે કે-'વાગડના દેશો રે સઈ, વાગડની વઢિયારી સાસુ દોહ્યલી રે....' વઢિયાર વિષે આવું નથી લખાયું એટલું જ! બાકી, વઢિયારમાં ય જો સાસુ દોહ્યલી હોય તો ઓળઘોળ કરીને બધો દોષ વહુ ઉપર ઠાલવે. વઉ જ છપ્પરપગી છે. કરમ ફૂટેલી છે.. ભમરાળી છે... એવું એવું કહીને ટંક ખોવાયાનો અપજશ વહુને માથે ઓઢાડી દે. ડાહીબા વઢિયારી સાસુઓને ઓળખે. ને કદાચ એવું ન પણ બન્યું હોય તો ય ડાહીબાનું કહેવું એમ કે કોઈ વહુ પોતાના આણામાં પચીસ તોલા સોનાના દાગીના લઈને આવતી હોય. હૈયામાં હરખ હિલોળા લેતો હોય, કેટ કેટલા કોડ એને હોય અને આમ એનો ટંક જ ઉપડી જાય તો એને કેવું લાગે? એનું અંતર કેવું કળીએ કળીએ કપાતું હશે?

વરધીભાઈ ઠક્કર કહે- 'અમે તો નાનાં. બા આવું-આવું વિચારીને દુઃખી થાય. અમને એ સમજાય નહીં.'

પોતાની વસ્તુ ખોવાઈ જાય ત્યારે તો માણસ દોડીને ભગવાનને ઠપકો આપે, મનાવે, રીઝાવે, વસ્તુ ના જડે ત્યાં સુધી આમરણાંત ઉપવાસ ઉપર બેસે પણ પોતાને વસ્તુ મળે અને તે પણ કિંમતી હોય ત્યારે ય આમરણાંત ઉપવાસ? એવું તે કેવું ડાહીબાનું હૃદય હશે?

બિલોરી કાચ નાનકડી ચીજને એન્લાર્જ કરીને મોટા સ્વરૂપે દર્શાવે છે. બ્લોટીંગ પેપર શાહીના નાના બુંદને વિસ્તૃત બનાવી દે છે. સંવેદનશીલ હૈયાં પણ બિલોરીકાચ કે બ્લોટીંગ પેપરના જેવી એન્લાર્જની શક્તિ ધરાવતા હોય છે. સામેની દુઃખી વ્યક્તિના નાનકડા દુઃખ પણ કરૂણાશીલ વ્યક્તિને મોટાં લાગે છે. સામેની વ્યક્તિને મન પોતાનું દુઃખ સહ્ય હોય તોય કરુણાવંત વ્યક્તિને એ અસહ્ય લાગે. સામેની વ્યક્તિને મન એ દુઃખ જીવન મરણના પ્રશ્ન જેવું ન હોય તોય કરુણાદ્ર વ્યક્તિને એ દુઃખ જીવન મરણના પ્રશ્ન જેવું લાગે.

'બીજાને પણ તમારા જેવું જ સુખ- દુઃખ થાય છે એ કદી ન ભૂલતો દીકરા!' આવું કંઈક ડાહીબાએ કહ્યું હતું.

એક હૃદયને કોઈએ પૂછ્યું-'શું કરો છો?'

'ઝાકળ વીણું છું.' હૃદયે જવાબ આપ્યો.

'ઝાકળ શું કામ?'

હૃદયે જવાબ ન આપ્યો. પણ દિમાગ ખોલી ઊઠ્યું... 'આ હૃદય પુષ્પની કોમળ-કોમળ પાંદડીઓનું બનેલું છે. એ ઝાકળને પોટલે બાંધીને લઈ જાય છે અને પુષ્પની સુગંધ તથા ભીનાશને એ બધે વેર્યા કરે છે. કઠોર પથરા જેવાં હૈયાંને શાયદ એ ન સમજાય. કેટલાક હૃદયો કેવળ લોહીને શરીરમાં ફેરવનાર 'સ્ટ્રિન્ગલ પંપ' જ નથી હોતાં. એ કરૂણાને પણ અંદર વહાવે છે. એ બધે ભીનાશ ફેલાવવાનું કાર્ય કરે છે. પૂનામાં હઝરત બાબાજાન કરીને એક સૂફી સ્ત્રી સંત થઈ ગયાં. એમનામાં એટલી બધી કરૂણા હતી કે બીજાનું દુઃખ ના જોઈ શકે. વૃદ્ધાવસ્થા આવી ત્યારે આ સંતના શરીરને વ્યાધિએ ઘેરી લીધું.

**ક્રમશઃ**

**કનુ આચાર્ય**

## હંગામાની 'લાફટરસાઈઝ વીથ ચાચા ભતીજા' ગુજરાતમાં ૫૨૫૦૦૦ બાળકો સુધી પહોચશે




વ્યસ્ત શિડ્યુલ્સ અને પીઅર પ્રેશર વચ્ચે આજે બાળકો પાસે જીવનનો સામાન્ય આનંદ મેળવવાનો સમય હોતો નથી. બાળકોને હાસ્ય, આનંદ સાથે ઊર્જાવાન બનાવવાનો અનુભવ આપવાની પોતાની ફિલોસોફીને સત્ય સાબિત કરતા હંગામા દ્વારા બાળકોને વ્યસ્ત રાખવા અને તેઓને પુષ્કળ હાસ્ય દ્વારા સ્વસ્થ જીવન આપવા 'લાફટરસાઈઝ વીથ ચાચા ભતીજા' શરૂ કરી છે.

ગુજરાતમાં હંગામા તેના આ ૨૦ મિનિટના કાર્યક્રમ માટે ૧૦૫૦ સ્કૂલ્સમાં પહોંચી કે જેમાં બાળકો તેમના રોજિંદા રૂટિનમાં તે સામેલ કરી શકે. આ પ્રવૃતિના ભાગરૂપે, હંગામાની ફેવરિટ જાસૂસ જોડી તેમના કવિન્ટેન્શિયલ હ્યુમર સાથે એવા સરળ રહસ્યો ઉજાગર કરશે કે જેનાથી બાળકોને ફિટ રહેવામાં મદદ મળશે. ખાસ ૨૦ મિનિટના મનોરંજક વીડિયોમાં ચાચા અને ભતીજાને દર્શાવાયા છે જેઓ બાળકોને વિવિધ પ્રકારના હાસ્ય શીખવે છે. ભારત ભરમાં બાળકો સુધી પહોંચવા માટે 'લાફટરસાઈઝ વીથ ચાચા ભતીજા' આગલ વધે છે.

## ગ્રુન્ડફોસ ઈન્ડિયાએ 'પાર્ટનરશીપ ફોર સસ્ટેનેબલ વોટર સોલ્યુશન્સ'ને પ્રોત્સાહન આપ્યું

ભારતમાં અગ્રણી પમ્પ ઉત્પાદકોમાંના એક ગ્રુન્ડફોસ ઈન્ડિયા કન્ફેડરેશન ઓફ ઈન્ડિયાન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) સાથે સહયોગ સાધીને સસ્ટેનેબલ વોટર સોલ્યુશન્સની આવશ્યકતા પરિપૂર્ણ કરવાને ૧૨મી સસ્ટેનેબિલીટી સમિટમાં પ્રોત્સાહિત કરશે. સસ્ટેનેબલ વોટર સોલ્યુશન્સની આવશ્યકતા ભાર મૂકતા, ગ્રુન્ડફોસ ઈન્ડિયાએ સેશન 'પાર્ટનરશીપ ફોર સસ્ટેનેબલ વોટર સોલ્યુશન્સ' સ્પોન્સર કરી જે નવી દિલ્હીમાં ૬ અને ૭ સપ્ટેમ્બરે યોજાઈ હતી. આ પેનલમાં એસડીજી ૬, ગવર્નમેન્ટ-કોર્પોરેટ પાર્ટનરશીપ્સ વધતી વોટર સસ્ટેનેબિલીટી માટે પાણીની અછતમાં રાહત મેળવવા માટે ટૂંકા ગાળાની સપ્લાઈ અંગેના પગલા વગેરે અંગેના વિચારોની આપ-લે કરી હતી. આ પ્લેટફોર્મમાં ગ્રુન્ડફોસ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર રંગનાથ એન. કે. પણ સામેલ હતા જેઓ આ સેશનના મોડરેટર તરીકે રહ્યા હતા.

## વૈશ્વિક સ્તરે જાણીતા બિઝનેસ ચેન્જ પ્રોફેશનલ સંધ્યા જેને પોતાના બીજા પુસ્તકના વિમોચન માટે ભારતની મુલાકાતે

અમદાવાદ

સિનિયર બિઝનેસ ચેન્જ પ્રોફેશનલ સંધ્યા જેન છેલ્લા બે દાયકાથી કોર્પોરેટ વર્લ્ડનો અનુભવ ધરાવે છે અને હોંગકોંગ સ્થિત લેખક છે, જેઓ ભારત ખાતે એક સપ્તાહ દરમિયાનના રોકાણ વખતે તેમના નવા પુસ્તક 'બિઝનેસ એનેલિસિસ' લોન્ચ કરવા માટે મુલાકાતે આવ્યા છે. તેઓ મુંબઈ, પૂણે અને અમદાવાદ ખાતે અનેક કોલેજીસ અને કોપોર્રેટ હાઉસીસની મુલાકાત લેશે અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે તથા ટેક સમુદાય સાથે પોતાના વિષય પર વિચારો વ્યક્ત કરશે. સંધ્યાને સિમ્બિયોસિસ - પૂણે, આઈઆઈએમ-અમદાવાદ અને આઈઆઈટી-મુંબઈ ખાતે આવકારવામાં આવ્યા હતા જેથી




તેઓ વિદ્યાર્થીઓ અને કોર્પોરેટ પ્રોગ્રામ બેચીસ સાથે વાતચીત કરી શકે અને ઈન્ડસ્ટ્રી વિષયક પોતાના વિચારો વ્યક્ત કરી શકે તેમજ સમુદાયને વૈશ્વિક કેલિડોસ્કોપિક માહિતી આપી શકે. પ્રશ્ન અને જવાબ રૂપે રહેલું તેમના પુસ્તકનો હેતુ નવોદિત અને અનુભવી બિઝનેસ એનેલિસ્ટ્સને વ્યાપક કુશળતા અંગે માહિતી આપવાનો અને ઈન્ટરવ્યૂ પ્રોસેસ તથા પ્રશ્નોનો સામનો કરવા માટેનું માર્ગદર્શન આપે છે.

## અભિષેક નિગમ 'મેરે સાંઈ'માં યુવાન સાઈનો પાત્ર ભજવે છે!

અભિષેક નિગમ, એક યુવાન પ્રતિભા છે, જે ટેલિવિઝન ઉદ્યોગમાં સતત પોતાનું સ્થાન હાંસિલ કરે છે, મેરે સાંઈમાં યુવાન સાઈની ભૂમિકા ભજવશે. સાંઇ બાબાએ શિરડીમાં સમાધિ લીધી તેને ૧૦૦ વર્ષ પૂરા થવા પર, સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ૨૫ મી સપ્ટેમ્બરે તેના આગામી કાર્યક્રમ 'મેરે સાંઈ' દ્વારા શ્રદ્ધા અને શબૂરીની વાર્તાને જીવંત કરશે. આ કાર્યક્રમમાં સહાયક કલાકારોમાં તોરલ રાજપૂત, વૈભવ માંગ્લે અને હેમંત થાટ્ટે સાથે સાંઈ તરીકે અબીર સૂફીને પણ જોશો.



આ કાર્યક્રમ સાંઈની મુસાફરીની એક મનમોહક કથા રજૂ કરે છે, જેમાં તેમના નિરંતર અને સાર્વત્રિક ઉપદેશો છે, જે લાખો લોકોને વધુ હેતુપૂર્ણ અને સંતોષી જીવન જીવવા માટે પ્રેરિત કરે છે. નિગમ નાના સાંઈની ભૂમિકાને યોગ્ય રીતે બંધબેસે છે કારણ કે નિર્માતાઓ ઈચ્છતા હતા કે જે સાંઈબાબાની દિવ્ય લાક્ષણિકતાઓને સંપૂર્ણ રીતે રજૂ કરી અને દર્શાવી શકે છે જે તેમના ધૈર્ય, અન્યની મદદ, દાન, સંતોષ અને આંતરિક શાંતિ માટે જાણીતા છે.

## ઝી સિનેમા રજૂ કરે છે શાહરૂખ ખાનની એક્શન ડ્રામા ફિલ્મ રઈસ રવિવાર ૨૪ સપ્ટેમ્બર, રાત્રે ૯ વાગ્યે

રાહુલ ઢોળકિયાના નિર્દેશન હેઠળ તૈયાર થયેલ ફિલ્મ રઈસમાં શાહરૂખ ખાન મુખ્ય રોલમાં છે. આ ફિલ્મ ૮૦ અને ૯૦ના દાયકા સમય પર આધારિત છે. રઈસ એક એવુ પાત્ર છે જે પોતાનામાં જ એકરૂપી સરકાર છે. જે કાયદાની સીમાથી પણ બાહર છે. તે ગરીબો માટે રોબીનહૂડ જેવો મસીહા છે મુકબધીર માટેનો એક અવાજ છે સાથે સાથે તે એક હિમ્મતવાળો માણસ પણ છે. બ્લોકબસ્ટર હિન્દી મુવિઝ માટે એક માત્ર ઠેકાણુ ઝી સિનેમા આ વિકેન્ડ બ્લોકબસ્ટર ગૈંગસ્ટર ડ્રામા રઈસનુ પ્રમોશન કરવા જઈ રહ્યું છે, જે આ રવિવાર ૨૪ સપ્ટેમ્બર, રાત્રે ૯ કલાકે રજૂ કરવામાં આવશે. આ ફિલ્મમાં નવાઝુદ્દિન સિદ્દીકી, માહિરા ખાન , અતુલ કુલકર્ણી, નરેન્દ્ર ઝા, જયદીપ અહલાવત સહિતના ઘણા કલાકારો આ ફિલ્મમાં છે. ગુજરાતના આ સૌથી ખતરનાક ગુનેગારના નસીબમાં શુ લખાયું છે, જાણવા માટે નિહાળો શાહરૂખ ખાનની રઈસ, રવિવાર ૨૪ સપ્ટેમ્બર રાત્રે ૯ કલાકે માત્ર ઝી સિનેમા પર.

## ઝી ટીવીના ભૂતુમાં કિન્શુક મહાજનનો પ્રવેશ

ઝી ટીવીનો તાજેતરનો પ્રાઈમટાઈમ શો, ભૂતુ જેને પોતાના મૃત્યુ બાબતે કાંઇ જાણ નથી, જે માત્ર ભગવાન કૃષ્ણ એની સસંભાળ રાખે છે.પોતાની માતાની ખોજમાં છે એવી ૭ વર્ષની વયની છોકરી પિહુના વ્હાલા લાગતાં ભૂતની પોતાની ઓનોખી સ્ટોરીલાઇન વડે દર્શકોનું મનોરંજન કરી રહેલ છે. શો પીઢ અભિનેતા કિન્શુક મહાજનને પ્રસ્તુત કરવા તૈયાર છે જેમણે સ્ટોરીલાઇનમાં તાજગીના તત્વનો ઉમેરો કરેલો છે. કિન્શુક, તેણીના નવા કાર્યસ્થળ પર શુચિના (સના અમીન શેખ) બોસ, આરવની



ભૂમિકા ભજવશે. કાર્ય પર, આરવ પરફેક્ટનિસ્ટ છે એક છે એક ઓછા બોલો માણસ. એ એન્ગ્રી યંગ મેનનો દેખાવ ધરાવે છે તેના કર્મચારીઓને એના ગુસ્સા બાબતે ભય પમાડનાર છે. એ અપ્રમાણિકતા સહન કરી શકતો નથી અને કોઇ પણ પ્રકારનું બેધ્યાનપણું એને ચીડવી દે છે. શો પર, આરવ નિરંતર શુચિના ખામિઓ દેખાડતો રહે છે જે બન્ને વચ્ચે યુદ્ધ જેવું સર્જે છે. પણ આરવને કૂણી બાજુ પણ છે તે કલા અને રંગ છટાઓ બાબતે સારી સમજ ધરાવતો જન્મજાત પેન્ટર છે.

# આપણી રાષ્ટ્રીય અને સામાજીક સમસ્યા-કુપોષણ

**ગતાંકથી ચાલુ**

**'વિટામીન એ ' ની ઉણપ**

- ઘણાબધા બાળકો નાની ઉમરમાં જ વિટામીન અને ઉણપને કારણે અંધત્વનો શિકાર બને છે.જેના લક્ષણ શરૂઆતમાં જ દેખાવા લાગે છે.પહેલા બાળકને અજવાળામાં ધુંધળુ દેખાય છે. આ સ્થિતિ ચેતવણી છે કે આંખો ખરાબ થઈ રહી છે.પછી ધીરે ધીરે આંખની અંદર રહેલો સફેદ ભાગ દુધીયો થવા લાગે છે.તે સુકાતો હોય તેવો અનુભવ થાય છે અને તે ભેગો થતો જાય છે.તેમાં ક્યારેક ક્યારેક સફેદ કે રાખોડી કલરના ધબ્બા પણ જોવા મળે છે.જો આ સમયે વિટામીન એ યુક્ત ખોરાક વધુ માત્રામાં આપવામાં આવે તો આંખ બચવાની શક્યતાઓ રહે છે.

- ગર્ભવતી સ્ત્રીઓને પર્યાપ્ત માત્રામાં વિટામીન એ ની ઉણપ હોય છે.માટે તેમના જન્મનારો બાળક પણ જન્મ સાથે જ વિટામીન એની ઉણપ સાથે જન્મે છે.ગર્ભવતી તથા દુધ પીવરાવતી માતાઓના ખોરાકમાં વિટામીન એ હોવું અત્યંત જરૂરી હોય છે.જે પાલક તથા અન્ય લીલી શાકભાજીમાં પર્યાપ્ત માત્રામાં હોય છે.

-માતાના સ્તનપાનમાં શરૂઆતનું દુધ ગાઢુ અને પીળુ હોય છે.જે વિટામીન એ યુક્ત હોય છે પરંતુ, કેટલીક ખોટી માન્યતાઓના કારણે બાળકને માતાનું શરૂઆતનુ દુધ પીવડાવવામાં આવતુ નથી. જોકે તે દુધ પૌષ્ટિકતાથી ભરપુર હોય છે.જે પીવાના કારણે બાળકમાં શરૂઆતથી જ વિટામીન એ શરીરમાં જાય છે.

**'આયરન' ની ઉણપ**

-બાળકમાં લોહીની ઉણપ થાય છે.જેના કારણે બાળક પીળુ કે ફીકકાસ પડતુ થઈ જાય છે.બાળકને ભુખ નથી લાગતી તેમજ તે હંમેશા માટી ખાવા પ્રયત્ન કરતો હોય છે.બાળકના નખની બનાવટ બગડી જાય છે.તે રમત રમતા રમતા જલ્દીથી થાકી જાય છે.

-ભોજનમાં આયરનની કમીના કારણે લોહીની કમી થાય છે.આયરન એટલે કે લોહ તત્વ લીલા શાકભાજી, સુકામેવા અને રાગીમાં યોગ્યમાત્રામાં હોય છે.દુધમાંથી આયરન ઓછીમાત્રામાં મળે છે.જ્યારે ૬ મહિનાથી ૨ વર્ષ સુધીના બાળક માત્ર દુધ પર જ રહે છે.તો તેમાં આયરનની ઉણપ હોવાની વધુ શક્યતાઓ રહેલી છે.માટે બાળક જ્યારે ૪-૬ મહિનાનું થાય ત્યારે લોહતત્વ યુક્ત ખોરાક આપવો જોઈએ.

ગર્ભવતી સ્ત્રીઓમાં પણ લોહીની કમી જોવા મળે છે.તેનુ કારણ છે કે ગર્ભાશયમાં બાળક માતા પાસેથી જરૂરી આયરન લઈ લે છે.જેથી માતામાં લોહીની કમી થઈ જાય છે.આવી સ્ત્રી મોટાભાગે સાવ કમજોર હોય છે.તે જલ્દી થાકી પણ જાય છે.જેથી બાળક જન્મતી વખતે પણ કેટલીક ગંભીર સમસ્યાઓ થાય છે.

-સરકાર દ્વારા યોજના અનુસાર આશા વર્કર કે આંગણવાડી દ્વારા નોંધાયેલી દરેક

**ભાગ - ૨**

સગર્ભા માતાઓને અંતિમ ત્રણ મહિનામાં આયરન અને ફોલીક એસિડની એક-એક ગોળી દરરોજ આપવામાં આવે છે.જેનાથી સગર્ભા માતા લોહીની કમીથી બચે છે.

**'વિટામીન બી કોમ્પલેક્ષ' ની ઉણપ** -બાળકોમાં રીકેટસની બીમારી પણ જોવા મળે છે.જેમાં બાળકના ઘુંટણના હાડકા, પગના હાડકા તથા પાંસાળીયો બિનજરૂરી વળી જાય છે.અને સમય જતા તે વળેલા જ રહે છે.જે વિટામિન ડી અને કેલ્શિયમની ઉણપથી થાય છે.હાડકાઓની મજબુતી અને વિકાસ માટે આ બંને પોષક તત્વો અત્યંત આવશ્યક છે.વિટામિન અને કેલ્શિયમ દુધ અને ઈંડામાં યોગ્ય પ્રમાણમાં હોય છે

-આ સિવાય તડકામાં શરીરને રાખવાથી પણ વિટામીન ડી મળે છે.જે બાળકો અંધારું અથવા અજવાળા વગરના મકાનમાં રહે છે, તેમને આ બિમારી વધુ થાય છે.

**-ડો.પ્રશાંત જોષી**
**દાંતીવાડા**

## ડેલ દ્વારા પ્રેસિશન ૫૭૨૦ ઓલ-ઈન-વન ના લોન્ચની જાહેરાત

ડેલ ઈન્ડિયા દ્વારા પ્રેસિશન ડિવાઈસીસની ફલેગશીપ રેખામાં નવો ઉમેરો પ્રેસિશન ૫૭૨૦ ઓલ-ઈન-વન ના લોન્ચની જાહેરાત કરવામા આવી. આ ૨૭ ઈચનુ ડેલ પ્રેસિશન ઓલ-ઈન વન ૫૭૨૦ ઉત્પાદન , મિડિયા અને મનોરંજન , આર્કિટેકચર અને ડીઝાઈન , હેલ્થ સહિત ગ્રાફિકસ -સઘન કાર્યો પર કેન્દ્રિત વિવિધ પ્રકારના ઉધોગોને પહોચી વળે છે. ક્રિયાત્મકતા પર ભાર આપતા ઉધોગોને આકારબદ્ધ કરવાના ૨૦ વર્ષના વારસાને આગળ ધપાવતા ડેલ પ્રેસિશન ૫૭૨૦ દુનિયામાં પ્રથમ વીઆર-ઓલ-ઈન વન વર્કસ્ટેશનમાંથી એક છે, જે એએમડી રેડિયોન પ્રો ગ્રાફીકથી સુસજ્જ છે , જે ગ્રાફિક સઘન કાર્યોને આસાન સ્પર્શ આપે છે. આઇએસવી સર્ટિફીકેશન સાથે અનન્ય વિશ્વસનીયતા , ઈસીસી મેમરી અને ડેલ પ્રેસિશન ઓપ્ટિમાઈઝર સાથે આ દુનિયાને અત્યંત શકિતશાળી ઓલ ઈન વન વર્કસ્ટેશન બનાવે છે.



## ૫ જ મિનિટમાં બનાવો વધેલા ભાતની કટલેટ....

૧ કપ બચેલા ભાત અથવા ફ્રેશ ભાત, ૧ મોટુ બટાકુ અથવા ૩/૪ કપ બાફેલા અને મસળેલુ બટાકુ
૩ ટેબલસ્પૂન મકાઈનો લોટ તમે તેના બદલે તમે સેકેલુ બેસન પણ લઈ શકો છો.
૧/૪ કપ છીણેલુ ગાજર, ૧/૨ કપ ઝીણી સમારેલી ડુંગળી, ૧/૨ કપ છીણુ સમારેલુ કેપ્સીકમ, ૨-૩ ચમચી સમારેલા ધાણા, ૧ ચમચી ચાટ મસાલો, ૧/૨ ટેબલ સ્પૂન હળદર, ૧/૨ ટેબલ સ્પૂન લાલ મરચુ પાવડર, સ્વાદ પ્રમાણે મીઠુ, ૧ ચમચી વાટેલુ અદરક,
૧ લીલુ મરચુ સમારેલુ

બનાવવાની રીત - સૌ પહેલા ભાતને સારી રીતે હલાવીને તેમા બાફેલુ બટાકુ, ગાજરનું છીણ, કેપ્સીકમ, ડુગળી, ધાણા, ચાટ મસાલો, હળદર, લાલ મરચું, મીઠુ અને આદુ નાખીને સારી રીતે હલાવો. ઉપરોક્ત બધી સામગ્રી નાખ્યા પછી ઉપરથી બેસન અથવા કોર્નફ્લોર નાખીને સારી રીતે મિક્સ કરો. બધી સામગ્રી સારી રીતે મિક્સ થાય ત્યા સુધી સારી રીતે મિક્સ કરતા રહો. પછી હાથ સાફ કરી લો અને એક બાજુ કઢાઈમાં તેલ ગરમ કરવા મુકી દો.

# પ્રમાણિક પતિની પત્નીની તકલીફો

### નારી ચેતના

ગંભીર મનોરોગ ડીપ્રેશન થવાના કારણોમાં મુખ્ય કારણ દામ્પત્ય પ્રશ્નોનું હોવાનું જણાયું છે. આ મુખ્ય કારણના પરિણામે ભારતમાં સ્ત્રીઓમાં ડિપ્રેશનનું પ્રમાણ બમણું નોંધાયું છે. આથી હું દામ્પત્ય પ્રશ્નોના ઉકેલ તરફ પણ આ લેખમાળાને લઈ જઈ રહ્યો છું. જેમાં પણ એવી સ્ત્રીઓને ધ્યાનમાં રાખીને ચર્ચા કરૂં છું. જેમના પતિ પ્રમાણીક, હઠાગ્રહી, નિષ્ઠાવાન સિદ્ધાંત કેન્દ્રી કરકસરીયા કે ચીકણા છે તેવા પતિની પત્નીને હળવાશ જાળવવા માર્ગદર્શન કરૂં છું..

મમતાની વાત ટાંકુ એક દિવસ તેણે નવી સાડી પહેરી. તે સુંદર તૈયાર થઈ. તે પતિના ઘરે આવવાની આતુરતાથી રાહ જોતી હતી. તેવામાં પતિ આવ્યો.. તે રાબેતા મુજબ ફ્રેશ થયો. પતિના શુષ્ક વલણથી નીરાશ થઈને મમતાએ ધ્યાન ખેંચતી વર્તણુંકો શરૂ કરી. તોય પતિને કંઈ યાદ ના આવ્યું.. તેવામાં મમતાએ કહ્યું, 'મેં આજે નવી સાડી પહેરી છે તમે ના જોઈ ?' તો પતિ બોલ્યો, 'હશે, તે ખરીદી હશે..' તમારે બૈરાઓને સાડી ખરીદવા સિવાય બીજું હોય છે શું ?' ત્યારે અકળાઈને મમતાએ ખુલાસો કર્યો.. ' આજે આપણાં લગ્નની તારીખ છે આપણા લગ્નને દસ વર્ષ થયા..

મમતાની જેમ મોટા ભાગની સ્ત્રીઓને લગ્નની તારીખ, જન્મદિવસ વગેરેનું મહત્વ હોય છે. ભલે ખર્ચાળ પાર્ટીના અપાય મોંઘી રેસ્ટોરામાં જમવા ન જવાય, ઉંચી કક્ષાની હોટલમાં રૂમ રાખીને મધુરજની ના થાય.. તો ચાલે પણ પતિ સાવ ફિક્કું વર્તન કરે તો પત્ની દુ:ખી થાય. એ અલગ વાત છે કે પતિ લગ્નતિથીએ લગ્ન કરવા બદલ પસ્તાતો હોય છે..

મમતા જેવી મહિલાઓને વિચારો બદલવા ભલામણ છે. કદાચ તમારો પતિ લગ્નની, જન્મની તારીખ કે તહેવારના દિવસે તમને મહત્વ આપવાનું ભુલી જતો હશે પરંતુ તેની એક વાત મુલવો તે તમારી સગવડો, તમને સરળતા સાંપડે, તમારી તબિયત સારી રહે તમને યોગ્ય ભોજન મળે, તમારૂં ઘર વ્યવસ્થીત રહે વગેરેની પુરી કાળજી રાખે છે. જીવવા માટે સંબંધો જાળવવા માટે કાળજી રાખવી સૌથી મહત્વનું છે. વળી પ્રમાણિક પુરૂષ જેમ તમને મહત્વ આપતો નથી તેમ બીજી કોઈ સ્ત્રીને પણ પ્રાથમિકતા આપતો નથી. જે વ્યક્તિ નિષ્ઠાવાન છે તે ભાવનાઓને નિયંત્રણમાં રાખે છે તેને મન સાથ નિભાવવો જ નિષ્ઠા છે. તેને મન કુદરતે આપેલા સંબંધો જ યોગ્ય છે. આથી તેના જીવનની પ્રથમ નારી તમે જરહેવાના છો.. સહજ સરખામણી કરો તમે ઝંખો છો તેવી રોમાંચક વર્તનો કરનારો પુરૂષ શું એકનો થઈને રહેશે ખરો ? આમ તમે પતિની વફાદારીમાં પ્રેમ અનુભવો.

મોજીલી અને રંગીન મિજાજની વ્યક્તિ માટે સ્ત્રીને આપમેળે પ્રેમ થાય પણ પ્રેમને ટકાવવા માટે સંબંધોની સલામતી અને તમારી કાળજી એટલી જ મહત્વની છે. ઘણાં યુગલો છે કે જેઓને ના ગમતી વ્યક્તિ સાથે પરણવું પડેલું. તેઓએ વર્ષો સાથ નિભાવ્યો. ત્યારે એ જ યુગલમાંની માતા બનેલી સ્ત્રી તેની દિકરીને પ્રેમનો સાચો પાઠ ભણાવે છે..કારણ કે સાથે રહ્યા તેનું મહત્વ હતું.

મારી મોજણી મુજબ દર ૧૦૦ માંથી ૩૦ પુરૂષ નિષ્ઠાવાન છે. સાથે સાથે તેનામાં પૌરૂષી એકાધિકાર ભાવ, ઉપરીપણું, સ્વચ્છંદતા, સંવેદનશીલતા કે વિશિષ્ટતા હશે. પતિનો સ્વભાવ સ્વીકારીને અનુકુળ થવા તમને આ ચર્ચા કામ આવે છે.

નિષ્ઠાવાન પતિનો સત્રીની દ્રષ્ટીએ અવગુણ હોય તો સિદ્ધાંતો છે. જો પતિ સરકારી કર્મચારી છે તો તે કાયદા અને નીતી નિયમો ઘરમાં લાવે છે. તેનાં બાળકોને ઓછી સવલત મળે તો ભલે પણ ખોટો રૂપિયો

અનુસંધાન પાના નં.૬ ઉપર

# તમારૂં બાળક કમ્પ્યુટર પર શું કરે છે એ તમને ખબર છે ?

### બાળ ઉછેર

બાળકો કમ્પ્યુટર પર શું કરતાં હોય છે તેના પર માતા-પિતા પૂરતી નજર રાખી શકતા ન હોવાથી તેઓ નિ:સહાય હોય છે. ઘણા વાલીઓ ઈન્ટરનેટને ટાઈમપાસ કરવાનું ઉત્તમ માધ્યમ માને છે, પરંતુ તેઓ જાણતા નથી કે સંતાનો આના આદિ બની જતાં આગળ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે

આજકાલ સર્વત્ર કોમ્પ્યુટરનું ચલણ વધી ગયું છે. સરકારી ઓફિસોથી લઈને બાળકોના બેડરૃમ સુધી કોમ્પ્યુટરે પગપેસારો કર્યો છે. કમ્પ્યુટર પર રમવાનો બાળકોને ચસકો લાગી ગયો છે. આ ઉપરાંત કિશોરાવસ્થાના ઊંબરે રહેલા બાળકો ઈન્ટરનેટ પર સર્ફિંગ કરતાં જોવા મળે છે. જો કે વિસ્મય સાથે શરૃ થયેલું આ સર્ફિંગ ક્યારેક ખૂબ ભારે પડી જાય છે. આ દ્વારા અંગત માહિતી લીક થવાનો કે અકાઉન્ટ હેક થવાનો ભય રહે છે. બાળકો કોમ્પ્યુટર પર શું કરતા હોય છે તેના પર માતા-પિતા પૂરતી નજર ન રાખી શકતા હોવાથી તેઓ નિ:સહાય હોય છે. ઘણા વાલીઓ ઈન્ટરનેટને ટાઈમપાસ કરવાનું ઉત્તમ માઘ્યમ માને છે. પરંતુ તેઓ જાણતા નથી કે સંતાનો આના આદિ બની જતાં આગળ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.આજની ટેક્નોસેવી કિશોરપેઢી એમ માને છે કે ઓનલાઈન મુશ્કેલી સર્જાશે તો તેઓ તેને સહેલાઈથી હાથ ધરી શકશે. પરંતુ ખૂબ ઓછા લોકો જાણે છે કે એકવખત સાયબર સ્પેસ પર જે માહિતી આપવામાં આવે છે તેને પાછી ખેંચી શકાતી નથી.

તમારું બાળક શાળા કે કોલેજમાં બધાની સાથે વાતચીત કરવામાં નિપુણ હશે પરંતુ સાયબર વર્લ્ડમાં તેમની આ નિપુણતા કામ ન લાગી શકે. અહી મહત્ત્વની વાત એ

આભાર - નિહારીકા રવિયા છે કે સાયબર સ્પેસમાં વ્યક્તિ સામસામે હોતી નથી. આના કારણે ક્યારેક રમત રમતમાં બાળક માત્ર પોતાની જ નહિ પણ પોતાના પરિવાર અંગેની માહિતી પણ સહેલાઈથી આપી શકે છે. પરિવારજનોની તસવીરો અને ઘરનું સરનામું તથા ફોન નંબર આપીને બાળકો કફોડી સ્થિતિમાં મુકાઈ જાય છે.જો કે આજના ટેક્નોસેવી યુગમાં બાળકોને કોમ્પ્યુટરથી દૂર રાખવા તદ્દન અયોગ્ય બાબત છે. આજે શહેરમાં ઠેરઠેર સાયબર કેફે ખુલી ગયા છે. આ ઉપરાંત મોબાઈલ ફોનમાં પણ ઈન્ટરનેટનું કનેક્શન હોય છે. એટલે તમે બાળકોને નેટથી ઝાઝો સમય દૂર નહિ રાખી શકો. આથી બાળકો પર જાતજાતના પ્રતિબંધ મૂકવા કરતાં અંગત માહિતી નેટ પર મૂકતાં શું શું મુશ્કેલી સર્જાઈ શકે છે તેની સમજ આપવી જોઈએ. આજના સ્માર્ટ બાળકો આ વાત જલદીથી અને સારી રીતે સમજી જશે.- સૌથી પહેલાં તો વાલીએ થોડા ટેક્નોસેવી બનીને કોમ્પ્યુટરઓપરેટ કરતાં શીખી લેવું. નેટ પર એવા કેટલાક ઓપશન્સ હોય છે જ્યાં જઈને તમે હિસ્ટરી ચેક કરો તો બાળકે સર્ફ કરેલી વેબસાઈટના નામ જાણવા મળશે. આથી આ રીતે તમે બાળકના નેટર્સફિંગ પર ઘ્યાન રાખી શકશો.

- અંગત માહિતી કોઈને કહેવી નહિ એમ બાળકને સમજાવો. કોઈપણ વ્યક્તિ ઓનલાઈન એડ્રેસ, ફોન નંબર, બેંક અથવા ક્રેડિટ કાર્ડ સંબંધિત માહિતી માગે તો તે ન આપવાની તાકીદ કરો. ઘણી વખત કોઈ કિશોર કે કિશોરી સાથે મિત્રતા કરવાના મોહમાં તેઓ આવી માહિતી આપીને મોટી મુસીબત વહોરી શકે છે એવી ચેતવણી અવારનવાર આપ્યા કરો.- કોઈની સાથે ઓનલાઈન મૈત્રી કરો તો પણ ઘરની વાત કોઈને કહેવી નહિ તે પણ બાળકોને સમજાવો. તમારું યુઝર્સ નેમ પણ કોઈને જણાવવું નહિ. યુઝર્સ નેમ તરીકે અનુસંધાન પાના નં.૬ ઉપર

### રસથાળ

## આમળાનુ શાક

આમળાના મુરબ્બો અને ચટણી તમે ખૂબ ખાધી હશે પણ જો તમારે કંઈક નવુ ટ્રાય કરવુ હોય તો આમળાનુ શાક બનાવો. ઓછા સમયમાં બનનારી આ રેસીપી તમારા મોઢાનો સ્વાદ બદલી નાખશે.

સામગ્રી - ૨૦૦ ગ્રામ બેસન, ૪-૫ લીલા મરચા, ૪-૫ કળી લસણ, આદુની ગાંઠ ઝીણી સમારેલી.. ૧૦-૧૫ કળી સૂકા આમળા, ૨૫૦ ગ્રામ ડુંગળી. ૧ ચમચી લાલ મરચુ, ૧ ચમચી સુકા ધાણા, ૧ ચમચી હળદર, ૨ ચમચી મોણ માટે તેલ, ૧/૨ ચમચી વરિયાળી, જીરુ અજમો.

સ્વાદમુજબ મીઠુ, ગરમ મસાલો. તળવા માટે તેલ

બનાવવાની રીત - સૌ પહેલા ૧૦-૧૫ સુકા આમળાને ગરમ તેલમાં તળી લો. જ્યારે આમળા ઠંડા થાય ત્યારે તેને મિક્સરમાં વાટી લો. હવે આમળા અને બેસન સાથે મેળવીને ચાળી લો.

- તેમા બધી સામગ્રીની અડધી સામગ્રી ડુંગળી, લીલા મરચા આદુ લસણ વરિયાળી અજમો લાલ મરચુ સ્વાદમુજબ મીઠુ, મોણ માટે બે ચમચી તેલ વગેરે બધી સામગ્રી નાખીને લોટ બાંધી લો.

- તેલ ગરમ કરીને બાંધેલા લોટના ગોળ ચપટા શક્કરપારા બનાવીને તળી લો.

- સોનેરી થાય ત્યારે કાઢી લો.

ગ્રેવી માટે

- સૌ પહેલા કડાહીમાં બે મોટી ચમચી તેલ નાખીને ગરમ કરો.

- પછી તેમા જીરુ તમાલપત્ર અને બચેલી બધી સામગ્રી (આદુ લસણ લીલા મરચા ડુંગળી) નાખીને સોનેરી થતા સુધી સેકો.

- પછી તેમા એક એક ચમચી સૂકા ધાણા લાલ મરચુ હળદર નાખીને સેકો.

- જ્યારે મસાલા તેલ છોડવા લાગે તો અડધો લીટર પાણી નાખીને થોડુ ઉકાળો. પછી તેમા આમળાના શક્કરપારા નાખો.

- તેને ૧૫-૨૦ મિનિટ સુધી સીઝવા દો. પછી ગરમ મસાલો અને લીલા ધાણા નાખીને ગરમાગરમ પરાઠા સાથે સર્વ કરો.

# ભીખી ગઈ એ ગઈ પાછી

### આગ ભીતર ભીતરની

રેણુ વિષ્ણુકુમાર બારોટ

આઠ સાલ બાદ છૂટીને બે માસ પહેલા પુત્ર મોહન આવ્યો હતો. મળવા જેલમાં ત્યારે એ ભીખી- એની માને જણાવ્યુ હતુ મા, તું એકલી ન આવતી હું તને લેવા માટે આવી જઈશ, તારે કશી ચિંતા કરવાની જરૂર નથી.. મોહન ના શબ્દો યાદ હતા પણ જેલમાંથી છૂટી ત્યાં સુધી મોહન દેખાયો ન હતો. ભીંતરમાં રહેલી ભીખી માં શંકા કુશંકાઓ ઉભી થઈ હતી. કેમ નહી આવ્યો હોય, શા માટે.. કોઈ કામ આવી ગયુ હશે કે એની વહુ ચંદાડીએ.. મોહનની વહુ ચંદાડી યાદ આવતા જ દાંત ભીંસાયા પણ.. બીજી ક્ષણે ગુસ્સાને ફગાવી દીધો.. જેલમાં એ રવિવારે કેસરી કપડાવાળા સંત આવ્યા હતા અને એમણે ભીખીનો વારો આવતા પ્રતિજ્ઞા કરાવી હતી કે.. ગુસ્સો કરવો નહીં ગુસ્સો આવશે તો ફગાવી દઈશ.. એ દિવસ પછી જ્યારે જ્યારે આવતો સંત નો ચહેરો યાદ આવી જતો..

આજે પણ એમજ થયું.. ગુસ્સો તોઆવ્યો.. પછીની પળે ફંગાવી દીધો. આકાશ સામે જોયું.. પ્રભુ મને ક્ષમા કરો..પછી જેલનો તોતિંગ દરવાજો પાર કર્યો. આગળ ઉભેલા જવાને સ્મિત આપ્યુ. ભીખીને સારૂ લાગ્યું.

જ્યારે સજા ફટકારાઈ પછી જેલમાં ધકેલાઈ ત્યારથી નક્કી કર્યુ હતુ.. હું બરાબર સારી રહી હોઉ કે નહી પણ જ જેલની અંદર સારી રહીશ..

પહેલી રાત વિહવળતામાં અને રડતા ગાળી હતી.પછી પસ્તાવો અને જીવન સાથે જાણે કક્કો ઘૂંટી દીધો હતો. સારી બનીશ..તોય માનવ સ્વભાવ એ વખતે...

જવાને માથુ નમાવ્યું..જાણે કે કહેતો હતો સારૂ જીવન જીવજો.. થઈ શકે તો પ્રભુ ભક્તિ કરજો..જિંદગીમાં આપણે માણસ છીએ પ્રભુને ભજીએ એટલા ઓછા..ભીખીએ જાણે જવાનના ચહેરાની ભાષા ઓળખી.

મોહનના આવ્યો ! હોઠ ફફડ્યા.. પોટલું બગલમાં દબાવ્યું, ખભા પરના થેલાનો પટ્ટો સરકી ગયો હતો ઠીક કર્યો. થેલામાં બે જોડ કપડા હતા.અને પોટલામાં પૈસા હતા. જેલ જીવન દરમિયાન વિવિધ કામો કર્યા તેનું મહેતાણું મળ્યુ હતુ. એ બધાય રૂપિયા મોહનને આપવાના હતા.

પણ મોહન ક્યા ? પછી એક નજર ફેરવી. એણે તો આવવાનું અને સાથે લઈ જવાનું કહ્યુ હતુ.. મોહનના વિચારો હજુ અકબંધ હતા. પણ વધુ એકવાર નજર ફેરવી. કદાચ એને લઈને આવતી ગાડી કે બસ મોડી પડી હોય.. શહેરમાંથી આવતા અને તકલીફ પડી હોય..હું અહીથી નીકળી જાઉં પછીએ આવે તો..

થોડીક રાહ જોવાનું મન થયું. ક્યાંક બેસવાની ઈચ્છા કરી..આજુબાજુ નજર કરી પંદર વીસ ડગલા દૂર લીમડાનું એક ઘટાદાર વૃક્ષ હતું. એની નીચે ઓટલો બાંધેલો હતો. કોઈક દાતા તરફથી પાણીનું માટલું એની ઉપર પ્લાસ્ટિકનો ગ્લાસ ઉંધો વાળેલો હતો.

ભીખી ત્યાં પહોંચી,ગોળ ઓટલા પર બેસી ગઈ.એનો ઈરાદો મોહનની રાહ જોવાનો હતો.. પગમાંથી સ્લીપરો નીચે કાઢી પગ ચડાવીને બેઠી, લીમડો બરાબર ખીલ્યો હતો.સૂર્યાના છૂટા છવાયા કિરણો નીચે આવી રહ્યા હતા.મજાની ઠંડક હતી. પાણી પીવાનું મન થતા હાથ લંબાવ્યો ગ્લાસ લીધો.

ભૂતકાળનું દ્રશ્ય એ સાથે આંખોની અટારીએ આળોટી ગયું.

પોતાના ગામમાં પણ આવો જ લીમડો અને આવો જ ઓટલો હતો. હા,માટાલાની જગ્યાએ કાળા રંગની ગઢી હતી. એમાં પાણી ભરાયેલું રહેતુ વટે માર્ગુઓને પીવા માટે.. એ સ્થાને સાંકળથી બંધાયેલો ગ્લાસ હતો.

એ દિવસે પોતે ચારો ઉપાડીને આવતી હતી. ચારો હકીકતમાં પોતાના ઢોરો માટે નહી પણ પશા ઠાકોરની ગાયો માટે.. એના પશા ઠાકોર પૈસા આપતા દિવસમાં બે વેચતી,શાક પાંદડાના પૈસા નીકળતા.

પશા પટેલ ઘણીવાર કહેતા.. ડોશી.. વાસ્તવમાં પોતે ડોશી ન હતી પણ અન્યની જેમ પશા પટેલ પણ ભીખીને ડોશી કહેતા.

આ બધી ગધ્ધા મજુરી શું કરવા કરતા હશો રામનું નામ લોને..

રામનું નામ તો લઉં છું..સાથે સાથે કમાણી.. મારા મોહનને મદદરૂપ થાઉં બસ..

એ વાત હતી.

રવિવારના એ દિવસે પશા ઠાકોરે કહેલુ, ડોશી, રવિવારે એક જ ભારો આપી જજો.'

એ રવિવારે નિરાંત હતી. નવ વાગ્યે જવાને બદલે ચાર વાગે નીકળી હતી. કેડીથી થોડેક દૂર આવેલા લીમડાના ઓટલા ઉપર મોહનની પત્ની ચંદાને મુખીના છોકરા સાથે જોઈ ગઈ હતી. એ સાથે જ ભડકી ઉઠી હતી.

આ અહીં શું કરતી હશે..? એ વખતે બે ઘણી થયું કે લાવ ત્યાં જઈને ઉઘડી લઈ નાખું.. પણ એમ અનુસંધાન પાના નં.૬ ઉપર

## વૈશ્વિક આંતકવાદ સામે ઝઝૂમતા રાષ્ટ્રને દૂષણો મુક્ત અને વિકાસની સંકલ્પની સંકલ્પના દ્વારા માનવતાવાદી દ્રષ્ટીકોણના દીવાની વાટને સંકોરતી કથા

### શબ્દ સમીપે

- નટવર હેડાઉ

'દીવાની એક વાટ 'જય ગજ્જરની તાજેતરમાં જ લખાયેલી નવલકથાનો ઉઘાડ જોતાં એક નિવડેલા નવલકારની હથોટીના કસબને પામ્યાનો અનુભવ થાય છે.નવલકથાના સ્વરૂપના ઉલટ સુલટ કરી કેવી આ નવલકથા ગુજરાતી કથા સાહિત્યમાં સીમા ચિન્હ રૂપ ગણી શકાય તેવું અપૂર્વ સર્જન છે.

અમેરીકન કલ્ચરનો પરિચય આપતા હોય તેમ નાયગરાના ધોધના પ્રવાસન સ્થળે ફરવા આવેલી એક ભારતીય યુવક અને યુવતી તેમજ એક પાકિસ્તાની યુવકની મિત્રતા પશ્ચિમી સંસ્કૃતિની તેમના આચાર વિચાર પર અસર અને છતાં ટકી રહેલા સંસ્કારોને લેખકે ખુબીથી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. જે ખૂબ આવકારદાયક છે.

મુંબઈની એક છોકરી ચીકી અને ગુજરાતી યુવક વિરાટ સાથે મહંમદ નામે પાકિસ્તાની યુવકની મિત્રતા પરસ્પરના પરિચય અને યુવાની સહજ આકર્ષણને કારણે રોમેંટીક વિચારોમાં સરી જતાં ત્રણ પાત્રો એક રેસ્ટોરંટમાં સાથે જમે છે અને હોટલમાં એક જ રૂમમાં રાતવાસો કરે છે.ત્યારે તેમના અંતરમનમાં ઉદ્દ્ભવતાં વિચારોને જયભાઈએ બખૂબી રજૂ કર્યો છે.કથારંભે આ ત્રણે પાત્રોનો વિકાસ લેખકે અપૂર્વ સહજતાથી સાધ્યો છે.તેમની વાતોમાં વાચકને વિશ્વ વાત્સલ્યનો સાદ સંભળાય છે.વિરાટ, ચીકી અને મહંમદને માનવજાત મૈત્રીભાવ, પ્રેમભાવવાળી જણાય છે.તેઓ અહી આવતાં પૂર્વેનો પોતાનો પરિચય સ્વમુખે આપે છે.વાચકને પ્રણય ત્રિકોણ રચવાનો પોતાનો અંદેશો થાય છે પણ ત્યાં અચાનક મહંમદના પિતા અને બહેન તાલિબાનોના આંતકનો ભોગ બનતાં મહંમદને પાકિસ્તાન જવું પડે છે.

આ નવલકથામાં સમય સંકલ્પના, વાર્તાતંતુ, પ્લોટ, પાત્ર કે ચરિત્ર નિર્માણ, વાતાવરણ શૈલી સંઘર્ષ નાટ્યાત્મકતા જેવાં ઘટક તત્વોનો જે રીતે ઉપયોગ થયો છે.તે જોતાં નવલકથાનું સ્વરૂપ અખંડ-અવિભાજ્ય રહ્યું છે.પાત્ર, પરિસ્થિતિ કે વાતાવરણ અને કથા કથન વિગેરે અંગોને એક રસ કે સમરસ બનાવી તેનું સંવિધાન મહત્વપૂર્ણ છે.કૃતિના આરંભથી વિરાટનું પાત્ર ભાવકની ચેતનાને સંકોર્યા કરે છે.તો ચીકી દ્વારા જીવનરસના રંગીન ફુવારાનું વૈવિધ્ય પ્રગટ થાય છે.મહંમદના પાત્રમાં માનવનિયતિનું નૂતન સત્ય પ્રગટ અનુભવાય છે.પરિવર્તનશીલ વિશ્વની આ લીલામાં જીવનનાં એકાધિક પ્રશ્નો અને દૂરિતો વચ્ચે સંકુલ અને અકળ માનવ ચિત્તની વિષમતાઓ વચ્ચે યાંત્રિકતા, યંત્રયુગની એકલતા,

અનુસંધાન પાના નં.૬ ઉપર

# વરસાદમાં વસ્ત્રો અને ઘરવખરીની કાળજી

### નારી

'બાપરે હું તો આ ચોમાસાથી એવી કંટાળી જાઉં છું કે વાત નહીં પૂછતા.' સરોજ ચહેરા પર કંટાળાના ભાવ લાવતાં બોલી. 'ચોમાસું તો તન-મનને ઠંડક આપી રોમાંચિત કરતી આહ્લાદક ઋતુ છે. તેનાથી તો તારા જેવી અઢગઢ ગૃહિણીઓ જ ત્રાહિમામ પામે.'' શરદલાલ સરોજની વાતમાં અસંમતિ દર્શાવતાં બોલ્યા. ઉપરોક્ત બન્ને સંવાદો આમ જોઇએ તો સાચા છે. ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત આપતું ચોમાસું પ્રેમીયુગલો તથા નાના બાળકો માટે આનંદ લેતું આવે છે. પરંતુ ગૃહિણીઓ માટે તો તકલીફોનું પોટલું બાંધી લાવતું હોય છે. આ તકલીફોથી છૂટકારો મેળવી ઝરમર ઝરમર વરસતા વરસાદનો આનંદ કઇ રીતે માણી શકાય તે પ્રસ્તુત લેખમાં જણાવવામાં આવ્યું છે. ચોમાસુ શરૃ થવાના પૂર્વેના જ દિવસોમાં છત્રી, રેનકોટ, પગરખાં જૂનાં ચાલે એમ છે કે નહીં તે તપાસી લેવાં. સમારકામ માગતી વસ્તુઓનું સમારકામ કરાવી દેવું જેથી ઓચિંતો વરસાદ શરૃ થાય તો આ બધી જરૃરિયાતો માટે ખોટી દોડાદોડી ન થાય એટલું જ નહીં છેલ્લી ઘડીએ તૈયાર કરવાથી ભાવતાલ કરવાનો કે બે-ત્રણ દુકાને ફરવાનો સમય રહેતો નથી જેથી જે મળે તેનાથી ચલાવી લેવું પડે છે. અહી ક બેનની વાત ટાંકુ છું. તેમના શાળાએ જતા દીકરાએ કહ્યું, ''મમ્મી મારો રેઈનકોટ લેવાનો છે.'' ''બસ, તને તો ખરચા કરવા જ ગમે છે. આખો દિવસ આ અપાવ- ફલાણું અપાવની માંગણીઓ ચાલુ જ હોય છે.'' ''પણ મમ્મી, એ રેઈનકોટ ગયા વરસે જ ટૂંકો થતો હતો. શાળાથી ઘરનું અંતર ૩૦-૩૫ મિનિટ થાય છે ત્યાં સુધીમાં તો હું આખો પલળી જાઉં છું.'' ''હવે જરાક ટૂંકો થાય છે. ખાલી ખોટા ખરચા નહીં કરાવ એ તો ચલાવી લેવાનું.'' વરસાદ શરૃ થતાં દીકરો રેઈનકોટ પહેરવા ગયો તો ટૂંકો થતો હોવાથી ખેંચીને બંધ કરવા ગયો તેટલામાં ચીરાઇ ગયો ને અંતે ઉતાવળે નવો મોંઘોદાટ લેવો જ પડયો.

ચોમાસામાં સહુથી વધુ ભય રોગચાળો ફાટી નીકળવાનો હોય છે. આ મુશ્કેલીમાંથી ઉગરવાનો એક જ ઉપાય એ છે કે ખોરાક તથા પાણી બંને શુધ્ધ, તાજા હોવા જરૃરી છે. પાણી શક્ય હોય ત્યાં સુધી ઉકાળીને જ પીવું. ચોમાસામાં ચારે બાજુ પાણી ભરાતાં ખાબોચિયાને કારણે માખી- મચ્છરોનો ઉપદ્રવ વધી જાય છે. આ જીવજંતુઓ ખાદ્યસામગ્રી પરબેસીને રોગનો ફેલાવો કરે છે. ચોમાસામાં ખાવાનું ઢાંકીને જ રાખવું. ઘરમાં ફિનાઇલથી બે-ત્રણ વખત પોતાં કરવા. ઉપરાંત ઘરમાં ચોખ્ખાઇ રાખવી જેથી માખી બણબણે નહીં. લાંબા સમય માટે સંઘરી રાખેલા ખાદ્યપદાર્થો ભેજથી બગડી ન જાય તેની વિશેષ તકેદારી રાખવી પડે છે. ડબ્બાનાં ઢાંકણાં ઢીલાં ન હોવા જોઇએ. અનાજ ભરેલા ડબ્બા ભેજ લાગે તેવા સ્થાને ન હોય તેની ખાસ તકેદારી રાખવી. ચોમાસાની પૂર્વે આ ડબ્બાઓને તડકામાં સૂકવી દેવા જેથી અને ત્યાર બાદ જ અનાજ, કઠોળ, મસાલા બરવા. બિસ્કિટ તથા સૂકા નાસ્તા જેવી ખાદ્યસામગ્રીઓ ચોમાસાની ભેજવાળી હવાથી નરમ પડી જવાની શક્યતા રહે છે. આવી અનુસંધાન પાના નં.૬ ઉપર

# વાળની માવજત વરસાદમાં કેવી રીતે કરશો ?

### રૂપના રખોપા

વરસાદની મોસમ આવતાં જ આજુબાજુનું વાતાવરણ ઝરમર વરસાદ અને ઘનઘોર વાદળોથી છવાઈ જાય છે. તો પછી આટલી રોમેન્ટીક મોસમમાં કોણ ન ઈચ્છે પોતાના સિલ્કી, સુંદર અને ખુલ્લા વાળને ઘનઘોર વાદળોની જેમ લહેરાવવા અને સુંદર હાથોમાં વરસાદનાં ટીપાં લઈને પ્રેમભર્યું ચુંબન કરવા.

આ મોસમમાં ખોડો અને બે મોંવાળા વાળની સમસ્યા પણ વધી જાય છે. બફારાના લીધે માથાની ત્વચા ચીકાશવાળી થઈ જાય છે. તેથી જો તમે ઈચ્છો કે મોનસુનની મોસમમાં તમારા વાળ મુલાયમ અને ચમકતાં રહે. તો અપનાવો આ ટીપ્સ :

વરસાદની મોસમમાં હંમેશાં છત્રી લઈને બહાર જાઓ જેથી તમારા વાળ ભીનાં થતાં બચે.

જો વાળ વરસાદમાં ભીના થઈ પણ જાય તો ઘરે પહોંચતાં જ વાળને સાફ કરવા શેમ્પુ કરો. પછી કંડીશનર લગાવો. તેનાથી તમે તમારા માથાની ત્વચાને કોઈપણ પ્રકારના ચેપથી બચાવી શકશો.

સામાન્ય રીતે જ્યારે વાળ વધારે રૂક્ષ હોય તો ઘટ્ટ કંડીશનરનો પ્રયોગ ન કરવો.

હર્બલ રીન્સ વાપરો વપરાયેલી ચા પત્તીને ફરી ઉકાળી લો. તેને ઠંડી પાડો અને શેમ્પુ કર્યા પછી વાળને તેનાથી રીન્સ કરો.

૧ ટબલર પાણીમાં લીંબુનો રસ નીચોવીને વાળને છેલ્લે રીન્સ કરો. તેનાથી વાળમાં તેલની ચીકાશ ઘટશે.

તમારા વાળ ગંદા ન રાખો. નિયમિત સમયે ધોતાં રહો.

તમારા વાળની પ્રકૃતિ મુજબ હળવું શેમ્પુ ઉપયોગમાં લો.

કંડીશનીંગ માટે વાળમાં મેંદી અથવા દહીં લગાવો.

ભીના વાળમાં કાંસકી ન ફેરવો.

મોનસુનમાં વાળ ચીકણા થઈ જાય છે એટલે વાળમાં વધારે તેલ ન લગાવો.

વાળના પોષણ માટે અઠવાડીયામાં એક વાર નવશેકા તેલથી મસાજ કરો.

વાળને વધારે સમય સુધી ભીના રાખવા યોગ્ય નથી. એટલે તેમને તરત સ્વચ્છ ટુવાલથી સુકવી લો.

જો વરસાદના પાણીથી માથામાં ડેન્ડ્રફ થઈ ગયા હોય તો જૈતુનના તેલથી માલીશ કરો. તે પછી માથા પર ભીનો દુપટ્ટો લપેટી લો. થોડીવાર પછી વાળ ધોઈ નાખો.

તે સિવાય ડેન્ડ્રફ થાય તો લીમડાના પાનની પેસ્ટ બનાવો તેમાં લીંબુનો રસ ભેળવીને માથામાં લગાવો. થોડીવાર પછી વાળ ધોઈ લો. તેનાથી ડેન્ડ્રફ નહીં થાય.

મુલતાની માટીમાં ૨-૪ ટીપાં લીંબુનો રસ અને ગરમ પાણી મીક્સ કરીને પેસ્ટ બનાવી લો, તેને વાળમાં લગાવો. ધોયા પછી વાળમાં ચમક આવી જશે અને વાળ ચીકણા પણ નહીં રહે.

આ મોસમમાં હેરસ્ટાઈલ ટુંકી જ રાખો.

હેર પ્રોડકટસનો ઓછો ઉપયોગ કરો. હેર સ્પ્રેથી દુર કરો.

કેમીકલયુકત પદાર્થથી પોતાના વાળને દુર જ રાખો.

- શીલા

## ડીસાના રસાણા...
**પાના નં .૧ ચાલુ**

આ પ્રકારની ફરિયાદ કરી ચૂક્યા છે. મિલ દ્વારા સતત ઘોંઘાટ થતો હોય લોકો ઘોંઘાટના કારણે ઊંઘી શકતા નથી જ્યારે તેમના ઢોર-ઢાંખર પણ ઘોંઘાટ સાંભળી ને જાગી જાય છે અને આખી રાત બરાડા પાડે છે. આમ આના કારણે આજુબાજુના રહીશો નુ જીવન ખૂબ જ મુશ્કેલ બની ગયું છે. જેના કારણે મંગળવારે રહીશોએ ગ્રામજનોને સાથે રાખી ડીસા નાયબ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી મિલ બંધ કરવાની માગણી કરી છે. આ અંગે અત્રેના ના રહીશ મધુબેન સોલંકી અને ગામના સરપંચ હંસા બેન ઘાડિયા એ જણાવ્યું હતું કે અમે અનેક વખત રજુઆત કરી ચુક્યા છીએ છતાં પણ મીલ બંધ કરવા કે મીલ ના પ્રદૂષણ સામે કોઈ પગલાં સરકાર દ્વારા લેવાતા નથી. લગભગ ૨૦૦ થી વધુ પરિવાર હેરાનગતિ ભોગવી રહ્યા છે. ત્યારે હવે જો તાત્કાલિક અસરથી તંત્ર દ્વારા પગલાં નહી લેવાય તો અમે અમારા ઢોર ઢાંખર સહિત શિવધામ સામે હાઈવે ઉતરી જઈશુ અને હાઈવેને ચક્કાજામ કરી નાખીશું તેમજ આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરીશું .

## ડીસા...
**પાના નં .૧ ચાલુ**

જેથી તેલંગાણા સરકારના ગૃહ વિભાગ દ્વારા ડિસાની રાજપુર કાંટ પાંજરાપોળનો સંપર્ક કરતા ડીસા પાંજરાપોળ ના ટ્રસ્ટી અને જીવદયા પ્રેમી ભરતભાઈ કોઠારીએ ઊંટ રાખવા સમંતી દર્શાવી હતી.

જેથી ગઈકાલે સાંજે હૈદરાબાદ થી ૧૦ જેટલી ટ્રકો મારફતે તેલંગાણા ગૃહ વિભાગ દ્વારા નિમાયેલા સ્પે.પોલીસ અધિકારી સુરેન્દ્ર ભંડારી અને દત્તાત્રેય જોશી ૩૧ ઊંટ ને ડીસા પાંજરાપોળ લઈ આવ્યા હતા. જેમાં એક ઊંટ નું રસ્તામાં મોત નીપજ્યું હતું.ડીસા પાંજરાપોળ દ્વારા પશુ ચિકિત્સક ની ટિમો બોલાવી તમામ ઊંટ ને સારવાર આપી તેના રાખ રખાવ ની જવાબદારી સંભાળી હતી.

## ડીસા તાલુકા...
**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ત્યારે ડીસા તાલુકાના બક્ષીપંચ મોરચાના હોદ્દેદારો કારોબારી સદસ્યોએ પણ હાજરી આપી મહાનુભાવો પાસે પુરતુ માર્ગદર્શન મેળવ્યુ હતું જેમાં બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઈશ્વરભાઈ રબારી, મહામંત્રી નાગજીસિંહ જાદવ, ઉપપ્રમુખ સોલંકી પરથીજી વગેરેએ કારોબારી બેઠકને સફળ બનાવી હતી.

## કર્ણાટકની ભૂલી...
**અનુસંધાન ૩ નુ ચાલુ..**

એક સપ્તાહ પહેલા પાંથાવાડાના સેવાભાવી લોકોએ પાંથાવાડા પોલીસને જાણ કરી અભયમ ૧૮૧ માં પાલનપુર નારી કેન્દ્રમાં મોકલી હતી. અને તંત્રએ તેના પરિવારની શોધખોળ કરતા કર્ણાટકની હોવાથી ત્યાંની પોલીસને જાણ કરી હતી. મંગળવારે તેનો પરિવાર નારી કેન્દ્રમાં આવી પહોંચતા લાગણીના તોરણો બંધાયા હતા. સહી સલામત પોતાની પુત્રી મળી જતા પરિવારે બનાસકાંઠા જિલ્લા પોલીસનો અને સેવાભાવી લોકોનો આભાર માન્યો હતો.

## ભીલડી કોલેજના...
**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તે દરમ્યાન કંપાઉન્ડમાં કોલેજના પ્રમુખ મહેશ્વરી ભવાનીભાઈ મોતીરામ તેને મળ્યા હતા. તેથી ફંડના રૂપિયા વિશે વાત કરતા તેમણે 'કેમ જાહેરમાં દંડની રજુઆત કરે છે ?' તેમ કહી તેના બરડાના ભાગે પાઈપ ફટકારી તેમની ઓફીસમાં લઈ ગયેલ તે વખતે કોલેજનાં મંત્રી ઠક્કર નટુભાઈ મંગુભાઈ પણ આવેલ જેમણે પણ ગડદાપાટુનો માર મારેલ. એ પછી આચાર્ય સુમિતાબેન ખત્રીએ તેની પાસે માફી પત્ર લખાવેલ જેમાં મેં શુ લખ્યું છે તેની ખબર નથી પણ બીકના માર્યા સહી કરી હોવાનો આક્ષેપ કરી પ્રમુખ અને મંત્રીએ માર મારવા બાબતે કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ફરીયાદમાં જણાવ્યું હતું.

તે પછી ઘરે જઈને તેણે તેના પિતાને માર માર્યાનું જણાવ્યું હતુ અને તેમની સાથે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર પણ લઈ પછી ઘરે આવેલા. તેના પિતાને એમ કે ટ્રસ્ટી કે પ્રમુખ આ મુદ્દે અમારા ઘરે આવશે પરંતુ તેવો કોઈ ન આવતા વિદ્યાર્થીએ તેના કાકા બાબુભાઈ નથુરામ જોષી સાથે પોલીસ મથકે જઈ પ્રમુખ અને મંત્રી વિરૂધ્ધ ઈ.પી.સી.ક.૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ફરીયાદ નોંધાવી હતી જેની વધુ તપાસ હે.કો.જયંતિસિંગ ચલાવે છે.

બનાવને લઈને પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

## ડીસા મુસ્લિમ...
**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ડીસાના સૈયદ અફસરઅલીબાવા તથા હાજી મુઝફ્ફરભાઈ શેખ, હાજી ગુલામદસ્તગીર શેખ , સાદિકભાઈ કુરેશી(ડીસા ન.પા.કોર્પોરેટર), સોહિલરાજ સૈયદ(જિલ્લા ભાજપ લઘુમતિ મોરચા મંત્રી), ફરજાનાબેન શેખ(ડીસા ન.પા.કોર્પોરેટર), નુરાભાઈ શેખ, આદિલભાઈ શેખ (માજી કોર્પોરેટર ડીસા), હાજી ગફુરભાઈ શેખ(માજી પોસ્ટ માસ્તર ડીસા), ઝફરૂલ્લાહ બલોચ(માજી સરકારી વકીલ(પાલનપુર) સહિત બહોળી સંખ્યામાં મુસ્લિમ અગ્રણીઓ હાજર રહી આવેદનપત્ર પાઠવી સોનુ ડાંગર વિરૂધ્ધ જલ્દ કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો.

## શક્તિ અને...
**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તેમાં માતાજી મા શક્તિ બિરાજે છે. જે હાજરા હજૂર છે તેવો ભવા ભાવિકોના મનમાં પ્રગટ થાય છે. આ ગરબામાં દિવડો મુકવામાં આવે છે અને એક જગ્યાએ મૂકી નવ દિવસ સુધી તેની ઉપાસના કરાય છે. સવારે અને સાંજે માતાજીની આરતી ઉતારવામાં આવે છે. માતાજીના મંદિરોને રોશનીથી શણગારાય છે. માની મૂર્તિને રોજ નવા વસ્ત્રો, આભૂષણો પહેરાવાય છે. તેમજ સવારી પણ બદલાય છે. પોળો, મહોલ્લા, શેરીઓમાં ગરબાના પ્રતિકરૂપે માંડવી કાઢવામાં આવે છે. મંદિરોમાં રોજ ફૂલો, અગરબત્તી, ધૂપ, અત્તર, દિપમાળા વગેરેથી પવિત્રતા વધારાય છે.

જો કે હવે વર્તમાન આધુનિક યુગમાં ગરબાઓ આધુનિક બની ગયા છે. જેથી શેરી, મહોલ્લા કે પોળોના ગરબા સામાન્ય બની ગયા છે. ગરબા, માંડવીઓના મોટાપાયે આયોજનો થવા માંડ્યા છે જાણીતા કલાકારો, ગાયકો, વાદ્યવૃંદોની બોલબાલા વધી જવા પામી છે. આની પાછળ મોંઘાદાટ ખર્ચાઓ થાય છે. ટૂંકમાં પ્રાચીન ગરબાએ આધુનિક સ્વરૂપ ધારણ કરી લીધું છે. અસલ ભક્તિ જાણે લુપ્ત થઈ રહી હોય તેમ જણાય છે. ગરબા ગાવાનો જૂના ઢાળનું ફિલ્મી ઢાળમાં પરિવર્તન થયું છે. સંગીત પણ દેશીમાંથી આધુનિક બની ગયું છે. અસલ ગરબા જોવા મળતા નથી. માતાજીની ભક્તિના નામે કેવળ મોજ મસ્તી થઈ ગઈ હોવાનું ચર્ચાય છે.

## પૂરને ૫૦ દિવસ...
**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અને હજુ સુધી ગોડાઉન ખાલી નથી કર્યા અને કેટલાક વેપારીઓ તો આ કોવઈ ગયેલો માલ સારા માલમાં ભેળવી ગામડાની ગરીબ અને ભોળી પ્રજાને પધરાવી રહ્યા છે ત્યારે આ બાબતે અમારી ટિમ ધ્વરા ધાનેરા મામલતદારને જાણ કરતા ધાનેરા મામલતદારે જણાવ્યું હતું કે હું તાત્કાલિક આ બાબતે ખાતરી કરી ગોડાઉન ખાલી કરવાની નોટિસ આપું છું જો આ ગોડાઉન તાત્કાલિક ખાલી ન કરવામાં આવે તો ભારે રોગચાળો ફાટી નીકળે તો કોઈ નવાઈની વાત ન કહેવાય માટે ધાનેરાનું સ્થાનિક તંત્ર આ બાબતે જાગૃત બને અને તાત્કાલિક ગોડાઉન ખાલી કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## ઓસ્ટ્રેલીયાના...
**પાના નં .૮ ચાલુ**

ઈવેન્ટથી ભારતીય સમુદાય અને ભારતીય સંસ્કૃતિ સાથે વધુ સંલગ્ન બનશે, જેના પરિણામે ગુજરાત જેવા રાજ્યોના પ્રવાસન ક્ષેત્રોમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે. આ ઉપરાંત ઘટનાને આવરી લેવા માટે સ્થાનિક સિડની મીડિયાને પણ આમંત્રિત કર્યા છે અને તેમના એડિટરએ તેમની હાજરીની પુષ્ટિ કરી છે.

## વાવ-થરાદ બેઠક...
**પાના નં .૮ ચાલુ**

બેઠક ઉપર રાજપુત ઉમેદવારની પસંદગી થશે જ. આગામી ડિસે. ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં પ્રદેશ કોંગ્રેસ મોવડી મંડળે વાવ-થરાદ બેઠક ઉપરથી રાજપુત સમાજની બાદબાકી કરી તો કોંગ્રેસ માટે એક મોટી વિટંબણા સર્જાઈ શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે. હાલમાં કોંગ્રેસ ભાજપ બંને પક્ષને વિજય પ્રાપ્ત કરવા માટે જાતિ વાદ સમીકરણો ગોઠવવા જરૂરી છે. વિશેષમાં હાલમાં કોંગ્રેસ-ભાજપ બંને પક્ષો યુવા મોરચાની તાકાત ઉપર ચૂંટણી લડી રહી છે. ત્યારે ભાજપ તા. ૨૨/૯/૧૭ ના રોજ વાવ માર્કેટયાર્ડ ખાતે એક યુવા સંમેલન યોજી તાકાતનો પરચો બતાવશે. ત્યારે આગામી તા.૨૩/૯/૧૭ ના રોજ થરાદ ખાતે ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુતે પણ વિજયના શંખનાદના ભાગરૂપે એક વિશાળ યુવા સંમેલન યોજી રહ્યા છે. હવે બંને યુવા સંમેલનોમાં "કૌન કીતના પાની મૈ" એ તો સમય આવે ખબર પડશે પરંતુ હાલમાં વાવ-થરાદ બંને બેઠકો ઉપર કોંગ્રેસ- ભાજપના યુવા મોરચા વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. બંને પાર્ટીના યુવાન નેતાઓએ મ્યાનમાંથી તલવાર નિકાળી શકિત પ્રદર્શન શરૂ કરી દીધું છે અને સંમેલનની તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે.

## આગ ભીતર ભીતરની...
**અનુસંધાન ૫ નું ચાલુ**

કરી શકી ન હતી. ખળભળી ઉઠી હતી. ઘાસ વાઢવામાં મન માનતું ન હતું. એ સાંજે જ પુત્ર મોહનને મહેલુ કે તારી વહુને આજે ફલાણાની સાથે જોઈ હતી..

તે એમાં શું થયુ.. એ ગામનાં માણસ છે વાત કરે.. મોટું રૂપ આપવાનું ન હોય.. તું તારે ભગવાનમાં ધ્યાન આપ ખાલી ઘરમાં ઝઘડા ન કરાવ..

મોહનના શબ્દો સાંભળીને સ્તબ્ધ થઈ ગઈ હતી. મેં તો સાચી વાત કરી.. કહી તું આવું માને છે..

પછી કોણ જાણે કેમ-મોહનને વાતો મજુર ન હતી..ચંદા ને મળવું ગમતુ હતુ જ્યારે પોતે ભીતરની ખળભળી ઉઠી.. જોકે એનામાં રહેલી બીજી સ્ત્રી તો કહેતી-તારે શું.. ભેંસ ના શિંગડા ભેંસને ભારે.. જે કરશે એ ભરશે..

સનાતન સત્ય હતુ પણ-ભીંતરની આગ વધી રહી હતી. એક દિવસ આવા સંબંધો કલંકમાં ફેરવાઈ જશે જીવવું ભારે થશે..

ભીખીને થતુ લાવ આ મામલે કોઈની સલાહ લઉં.. પૂછું..પોલીસને જણાવું.. પણ એમ કરવા જતા આબરૂ નો પ્રશ્ન સામે આવી જશે.એ સાથે જ હાથ બંધાઈ જતા મનની ગતિ અટકી જતી.

જેલ સામેના લીમડાના ઓટલે બેઠા બેઠા એક કલાક થઈ ગયો. મોહન દેખાયો નહી.. ઉભા થવું જોઈએ એમ માની ઉભી થઈ ચાર રસ્તે આવી.. છેલ્લીવાર પાછળ જોઈ લીધુ.. જેલનું વાદળી રંગનું પાટિયું દેખાણું..ભારતનું રાષ્ટ્રચિહ્ન દેખાણું સૂર્યનો તડકો હવે પથરાવા માંડ્યો હતો.

-આગળ વધી.

રિક્ષામાં બેસીને એસ.ટી સ્ટેન્ડ જવાનું નક્કી કર્યું. માંડ થોડુંક ચાલી હશે ત્યાં તો મેથીના ગોટા તળાતા હોવાની મસ્ત મહેક આવી. ઈચ્છા થઈ આવી.. જેલમાં સજા દરમિયાન ભજિયા મળતા..કામ કરીને આવી હોય ત્યારે ઢચક ઢચક ખાવા માંડતી ઈચ્છા થતી ફરી માગવાની પણ.. પણ એ નિયમ વિરૂદ્ધ હતું.

લારી આગળ ગઈ ભજિયાનો ઓર્ડર આપ્યો, મરચાં વધારે મૂકવાનું સુચન કર્યું. મરચા ખૂબ ભાવતા મરચા તો કાકડી માફક ખાતી, ચંદાને ગમતા ન હતા.. મોહન કહેતો મરચા ખાખા કરે છે તો એક દીવસ તારું કાળજું ફાટી જશે...

મુખીના છોકરાનું દાતરડાના એક ઝાટકે કાળજું વાઢી નાખ્યું હતું. લોહીનો એક ઘઘેડો થયેલો અને લાલ સાડીમાં સમાઈ ગયેલો.. ખૂન કરતા તો કરી નાખ્યુ હતુ પણ પછી પસ્તાવો થતા છીછરી નદીમાં મૂર્ખની જેમ પડતું માર્યુ હતું.પકડાઈ ગયેલી ગામમાં થૂથૂ થઈ ગયેલી...

ભજિયા ખાતા ખાતા ભૂતકાળ યાદ આવી ગયો હતો.ભજિયા સરસ હતા. ઘેર જઈને મોહનને કહીશ કે મનેય ભજીયા ખવરાવ હું જેલમાંથી છૂટી ગઈ છું.

એક વાગવા આવ્યો.

પડછાયા સીધા થયા.

એસ.ટી સ્ટેન્ડે આવી. સાંજે એક બસ હતી. એ પહેલા સાડા ત્રણની બસ પણ હતી.એમાં તો જાય તો સાડા આઠ નવે પહોંચી જાય. એ પછી જાય તો..રાત્રીના સાડા દશ અગિયાર થઈ જાય.

સાડા ત્રણમાં જવાનું નક્કી કર્યું... સ્ટેન્ડ બપોરના લીધે ખાલી હતુ.. ઘર ઘડી ઘડી યાદ આવતું હતુ. જેલમાં માત્ર બે-ત્રણ વાર જ મોહન મળવા આવ્યો હતો. એ જ્યારે આવતો ત્યારે કહેતો-તારે એનું ખૂન કરવાની શી જરૂર હતી.. ખૂન કરીને તને શુ મળ્યું.. મને તો તને મળવાનીય ઈચ્છા થતી નથી. તને મારી મા કહેતાય લાજ આવે છે.

શબ્દો યાદ આવી ગયા. એ સાથે જ જ્યાં જવું હતુ અને કંડકટર પાસે ટીકીટ કઢાવી, રૂપિયા આપ્યા બસ લગભગ ખાલી જેવી હતી. ધક્કા સાથે છૂટી શહેર વટાવીને એ આગળ વધી નાળા આગળ વધી થોડેક દૂર એસ.ટી.નું ટર્મિનલ હતુ. ત્યાં આગળ ક્રમમુજબ બીજા મુસાફરો માટે ? ઉભી..એ જેવી જ હડૂડૂડૂ કરતાં રાહ જોઈ રહેલા બીજા ચડ્યા..ભીખીની નજર બારણાં ભણીજ હતી.

એક પરિચિત-ઓળખી તો ચહેરો.. રાધા અને એ પાસે આવીને ખાલી બેઠ કે બેઠી.. વાતો નીકળી..રાધાને ભીખીના કામની ખબર હતી. મોહન અને ચંદા વિશે એણે પૂછ્યું જવાબ એવો હતો કે.. મોહન અને ચંદા હત્યારણ ભીખીનું મોં જોવા, સાથે રહેવા માગતા ન હતા તેથી ગામ છોડીને..

ભીખીએ સાંભળ્યું સ્તબ્ધ થઈ ગઈ.. આગળના ગામે બસ ઉભી.. રાધાને આવું છું. કહીને ભીખી ગઈ એ ઈ ને જાણે ક્યાં...

રેણું વિષ્ણુકુમાર બારોટ

## નારી...
**અનુસંધાન ૫ નું ચાલુ**

ખાદ્યસામગ્રીઓને હવાચુસ્ત બરણીમાં ભરવી. વરસાદમાં પલળી જવાથી ઘણી વખત વસ્ત્રો બે-ત્રણ વખત બદલવા પડે છે. ઘણી વખત સતત વરસાદ પડવાથી કપડાં સૂકાતાં નથી. વધારામાં ભીનાં કપડા સૂકવવાની જગ્યા પાળવી રાખવી જેથી વ્યવસ્થિત કપડાં સૂકવી શકાય. ઉપવસ્ત્રોની જોડીનું પ્રમાણ વધુ રાખવું. કપડાં જલદી સુકાય નહીં તથા વારંવાર ભીના થવાથી ઉપવસ્ત્રો બદલી નાખવા. ભીનાં વસ્ત્રોથી ત્વચાનો રોગ થવાની શક્યતા વધી જાય છે. ઘરમાં સ્વચ્છતા રાખવાની સાથે સાથે ઘર બહાર આંગણાં પમ સ્વચ્છ રાખવા. એઠવાડ, કચરો ફેંકવા નહીં તેમજ ઘરની બહાર પણ મચ્છર, માખી તથા અન્ય જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો. વરસતા વરસાદમાં વારંવાર પલળવાથી શરદી, ઉધરસ, તાવથી લોકો હેરાનપરેશાન થઇ જાય છે. આવી તકલીફોથી બચવા ઘરગથ્થુ ઉપચારની પણ તૈયારી રાખવી જોઇએ. સૂંઠ, ઘી તથા ગોળના મિશ્રણની ગોટી જેવડા કદની ગોળીઓ વાળી ડબ્બામાં ભરી રાખવી. સવારે નિયમિત એક એક ગોળી ઘરના સદસ્યોએ ખાઇ લેવી તથા ઉપરથી એક કપ હુંફાળું દૂધ પી જવું. ચોમાસાની ભેજવાળી હવાથી શરદીમાં રાહત અપાવશે. કરિયાણાને ત્યાંથી કડુ-કડિયાતુ લઇ ઉકાળી ઠંડુ પડે શીશીમાં ભરી ફ્રીજમાં રાખી દેવું. શરદી કે કળતર કે તાવ જેવું લાગે તો દિવસમાં ત્રણ વખત કડિયાતું પીવાથી પણ રાહત રહે છે. તુલસી- આદુનો ઉકાળો પીવાથી પણ શરીરમાં ગરમાટો આવે છે. ઉધરસ- શરદીથી છૂટકારો મેળવવા શિતોપલાચી ચૂરણ મધ સાથે ચાટવાથી પણ ફાયદો થાય છે. એક સરખી સતત ખાંસીથી રાહત પામતા હુંફાળા પાણીમાં સૂંઠ ભેળવી પી જવી. દૂધમાં હળદર-ઘી નાખી પીવાથી પણ શરદીમાં રાહત થાય છે. ઝરમર વરસતો વરસાદ હોય કે ધોધમાર તૂટી પડેલો વરસાદ હોય તેમાં તન-મન ભીજવી ચોમાસાના આનંદને માણવા પૂર્વેથી જ સાવચેતી રાખી લેવામાં ડહાપણ સમાયેલું છે.

## બાળ ઉછેર...
**અનુસંધાન ૫ નું ચાલુ**

પોતાનું નામ, વય કે વતનના નામને આપવાથી પણ મુશ્કેલી સર્જાઈ શકે છે. - બાળકો ઓનલાઈન શું 'પોસ્ટ' કરે છે તેના પર ધ્યાન રાખો. તેમને જણાવો કે તેઓ ઓનલાઈન જે કમેન્ટ કરે કે પોસ્ટ કરે તેને અજાણ્યાઓ પણ જોવાના છે. આથી કોઈપણ ગંભીર સ્થિતિને ટાળવા ફોટાઓ પોસ્ટ ન કરવા તથા આડેધડ કમેન્ટ્સ ન કરવી એવુ સંતાનોને સમજાવવું. - ઓનલાઈનની ખામી એ છે કે તેના પર પોસ્ટ કરવામાં આવેલી માહિતીને પાછળથી ડિલિટ કે મોડિફાઈડ કરવામાં આવે તો પણ ઓરિજિનલ ક્યારેય સંપૂર્ણ ડિલિટ થતું નથી. તમારા બાળકને આ હકીકત જણાવી સાવધ રહેવાનું સમજાવો. - એકદમ નાના બાળકને આપણે અજાણ્યાઓ સાથે વાતચીત ન કરવાનું શીખવીએ છીએ. તે જ પ્રમાણે તેઓ મોટા થાય ત્યાર પછી ઓનલાઈન વ્યવહાર કરવામાં સાવધ રહેવાનું સમજાવો. પોતાના ચાટ લિસ્ટમાં કોઈને ઉમેરતાં પૂર્વે સાવધ રહેવાનું જણાવો. સામેની વ્યક્તિ રૂબરૂમાં દેખાતી ન હોવાથી તે જે કહે છે તે સાચું હોય કે ખોટું તેની જાણ હોતી નથી. આથી સાવધ રહેવું જરૂરી છે તેની સમજ આપવી. - ક્યારેક બાળકો ઓનલાઈન પર ભોળવાઈ જાય છે. અજાણી વ્યક્તિ ઓનલાઈન સાચી માહિતી આપતી હોય છે કે નહિ તે ચેક કરી શકાતું નથી. આથી ઓનલાઈન ફ્લર્ટ ન કરવાનું સમજાવો. - જ્યારે બાળકથી કોઈ ભૂલ થઈ જાય કે તે કોઈ માહિતી ઓનલાઈન મૂકે અને પછી સમસ્યા સર્જાય તો સૌથી પહેલાં બાળકને વઢવું નહિ. પરંતુ કોઈ નિષ્ણાત વ્યક્તિની મદદ લઈ તેમાંથી બહાર નીકળવાનો ઉપાય શોધવો. ત્યારબાદ બાળકને શાંતિથી બધું સમજાવવું. જો તમે ગુસ્સો કરશો તો બાળક બીજી વખત તમને સાચી વાત જણાવશે નહિ અને ક્યારેક એવી ગંભીર સમસ્યા ઊભી કરશે જેનાથી મોટું નુકસાન થઈ જશે.

## નારી ચેતના...
**અનુસંધાન ૫ નું ચાલુ**

ઘરમાં નહીં જ આવવા દે. જો કોઈ સગાંસંબંધીઓ મહેણું માર્યું તો એ સંબંધનો લાભ નહીં જ લેવા દે.. ખાસ કરીને પત્નીના પિયરીયામાંથી મળનારાં લાભોથી વંચિત રહેવા હઠાગ્રહી બનશે. તેવે વખતે પત્ની વિચારે શું મોજશોખ કે વધારાની સવલતો વીના જીવી ના જ શકાય ? તમારા પતિ જે મતભેદને કારણે સંબંધો તોડી ચુકયા છે. એ સંબંધો સમય જતાં સુધરશે.. પતિના મનનો અવાજ સંબંધ શરૂ કરવા કહે તેટલો સમય ધીરજ રાખે..

એવું જ ઘરમાં થતાં ખર્ચ કે બાળકોની આદતે બાબતે પતિ કડક વલણ અપનાવશે. તેને તમારી બેફીકરી જીવનશૈલી સાથે વાંધો હશે. તો તમે તેના મતની સામે તમારી વર્તણુંકોને યોગ્ય ઠેરવવાના સ્થાને તેના વિચારો મુજબ તમને બદલવા કોશીશ કરો. શકય ત્યાં સુધી મતભેદને ટાળો. વહેવાર કે કોઈ બાબતને તમને તમારો મત વજનદાર લાગતો હોય તો પતિ હળવા મુડમાં હોય તે વખતે ચર્ચા કરવા સમય માંગો. તમે સહમત કરાવશો નહીં..માત્ર પ્રસ્તાવ મુકીને વાત અધુરી છોડો.

કેટલાંક પુરૂષો કામમાં એટલા ધુની હોય છે કે પત્નીની સાથે મઝા કરવા ધ્યાન આપવાના સ્થાને પત્ની પર ગુસ્સો કરે છે તેવા પતિને મારૂં પુસ્તક વાંચી જવા વિનંતી.

નિષ્ઠાવાન પુરૂષે હેતાળુ પત્ની સાથે અનુકુળ થવા શું કરવું ? તેની ચર્ચા આ કોલમમાં કરીશું ત્યાં સુધી આપની વાત કે મત વ્યકત કરવા ૯૧૩૭૪૧૫૧૯૯ જોડી શકો છે. આપના લગ્નજીવનમાં આવતી નિરાશાને રોકવાની શુભેચ્છા સાથે...

જો પતિ મોજશોખ માટે મોકળાશ આપે નહીં, જો તે ખર્ચનો હિસાબ માંગે કે બનીઠનીને તૈયાર થવા છતાં વખાણ કરે નહીં તો એવે વખતે પત્ની નિરાશ થઈ જાય છે.

## શબ્દ સમીપે...
**અનુસંધાન ૫ નું ચાલુ**

હતાશા અને નિભ્રાન્તિ વચ્ચે આ નવલકથા માનવજીવનના અનેક પાંસાઓને દિપ્તીમંત કરી ઉજાળી શકવાની શક્યતા બનાવે છે.

નવલકથાને વિદ્વાનોએ ભલે ર્કદ્ગિજ્ઞીજજ ર્કદ્ગિ'ક જ્ઞૈદ્ગિઙ્ગ ર્કેંજીાં'રી-ઢ્ઢીગિણાવી હોય પરંતુ આ 'રીઢ્ઢીમિાત્ર મનોરંજનથી આપવું તે માનવ જીવનને નવી ઓળખ, વિચાર, દષ્ટિ અને સમ્યક સમજણ સાથે નૂતન દષ્ટિ પણ આપે છે.રચનારીતિની કુનેહએવી અદભૂત છે કે રોમેંટિક લાગતી આ કથામાં એકદમ ભાવ પલટો લાવી લેખક વાચકને આજની વિશ્વ સમસ્યા એવા આંતકવાદની વાતમાં એ રીતે ગરકાવ કર્યો છે કે સ્વાન ખીણોનું કાશ્મીર જેવું સૌદર્ય અને મહંમદના પિતા તેમજ બહેનના આંતકવાદી હુમલામાં થયેલ મૃત્યુથી વાચકને અવસાદમાં ખેંચી જવામાં લેખક સફળ નીવડી છે.કેમકે આંતકના ઓછાયામાં જીવતા લાકોનું હુબહું વર્ણન વાચકને ઘડીભર હચમચાવી દે છે.જો કે નવલકથામાં ફલેશબેક ટેકનીકનો ઉપયોગ ખાસ ક્યાંય થયો નથી.મોટા ભાગે સીધીલીટીમાં નવલકથા ચાલે છે.

લેખકનો અભ્યાસ તેમજ પૂર્વ-પશ્ચિમનું ઉત્તમ વાંચન તેમના ગદ્યને પ્રાંજલ બનાવે છે.ગદ્યમાં મધુરતા-ઋજુતા અને પ્રવાસી પણાનો સુમેળ જોઈ શકાય છે.નાયગરા હોય કે સ્વાનનું સૌંદર્ય કે પછી મુંબઈ નગરીનું જનજીવન આથી સ્થળ વિશેષોનું સ્મરણીય ચિત્ર હૃદયંગમ લાગે છે.અહીં માંગ શબ્દ અને અર્થનું સાયુજ્ય નથી પણ જીવતી ધબકતી શ્વસતી અમીર એવી અનૂભુતિ છે.જે યથાર્થની યાત્રા આરંભે છે અને પહોંચે છે.યથાર્થના શિખર તરફ ત્યારે લાગે છે કે અહીં વાસ્તવનું કલાતત્વમાં રૂપાંતર થયું છે.સતત પરિવર્તનશીલ માનવજીવનની લીલાને નવલકથાનો સુગ્રંથિત આકાર આપવો અતિ દુષ્કર કર્મ છે.'દીવાની એક વાટ'ને શબ્દોથી કઈ રીતે આકાશીત કરવી? નવલકથાની સૃષ્ટિએ સર્જકની વિશિષ્ટ સંવેદનાની એક સૃષ્ટિ છે.લેખકની સ્વકીય સંવેદન શીલતા તેમાં ડોકીયાં કરતી હોય છે.જગતની અપાર વિવિધતા, વિસંગતિઓ અને વિષમતાઓને નવલકથાકારે અહીં એક આકાર, તરાહમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે.સાંપ્રત ઘટનાઓને કાલ્પનિક દસ્તાવેજી કથાના વાહન પહેરાવીને વાચકના મનમાં પડેલ દેશદાઝને પોતાના વિચારોની અભિવ્યક્તિથી મૌલિક રીતે રજૂ કરી નવલકથાના પાત્રોની સાથે વાચકને જોડવાનો પણ સુંદર પ્રયત્ન કર્યો છે.પોતે કદાચ ક્યારેય ગયા ન હોવાં છતાં ઈલેક્ટ્રોનિક માધ્યમો અને વિશાળ વાંચનના નિશંકોચ રૂપે લેખકે પાકિસ્તાનના સ્વાત વિસ્તારના લોકોમાં રહેલ તાલીબાનોના આંતકની પ્રસ્તૃતિ ટેક્સી ડ્રાઈવર કાસમના પાત્ર દ્વારા કરી છે.તે તાલીબાનોના જાયને કારણે મહંમદને કારમાં સંગીત વગાડવાની ના પાડે છે.ઉપરાંત ત્યાં છોકરીઓ શાળાએ જઈ શકતી નથી તે બાબત તેમજ તાલિબાનોના અવારનવારના હુમલાની વાતો વાંચતા સ્વાત વિસ્તારની નોબેલ પુરસ્કાર વિજેતા બહાદુર દિકરી મલાલા યુસુફની અને એકાદ વર્ષ પહેલાં એક મીલીટ્રી સ્કૂલના બાળકો પર થયેલા હુમલાની ઘટના માનસપર તાજી થાય છે.મહંમદના પિતાની યુવક દ્વારા હુમલાનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીના દ્વારા તકેદારી છતાં એક વ્યક્તિનું મોત વાચકને સ્વાત વિસ્તારની વાસ્તવિકતાથી પરિચિત કરાવે છે.

મહંમદ ટોરેન્ટો પાછો આવે છે તે પછી કોલેજમાં એક ભારતીય મુસ્લીમ વિચારક પ્રા.ખાન દ્વારા વ્યાખ્યાનો પ્રસંગ પણ લેખકે ખૂબ સૂચક રીતે મુકેલો છે.તેમાં ઘુસી આવેલ બે આંતકવાદીઓ પૈકીના એકનો હૃદય પલટો થતાં આત્મસમર્પણ કરે છે.જ્યારે બીજો હુમલો કરવાં જતાં પકડાઈ જાય છે.એ ઘટના પણ વિદેશની ધરતી પર ફેલાયેલી ઓતકના ઓછાયા ને રજૂ કરે છે.પ્રો.ખાન જીનીવામાં વર્લ્ડ રીલીજીયસ કોન્ફ્રન્સમાં જઈ આવેલા છે.તેનાથી પ્રભાવિત મહંમદને તેઓ ઈસ્લામ અંગેના ત્રણ પુસ્તકો આપે છે જેમાં ઈસ્લામ અંગેની સાચી હકીકત લોકો સુધી પહોંચે તે ઉદ્દેશ સમાયેલો દેખાય છે.

પરીક્ષા દરમ્યાન દસ દિવસ ત્રણે મિત્રો મળી શકતા નથી પરંતુ પછી સાથે મળી ટોરેન્ટોના જોવાલાયક સ્થળોમાં ફરી વળે છે.કેમકે અભ્યાસ પુરો થતાં હવે ત્રણેને સ્વદેશ પાછા ફરવાનું હોય છે.મહંમદ પાકિસ્તાન તેમજ વિરાટ અને ચીકી ભારતમાં મુંબઈ પાછા ફરે છે.ચૌદ કલાકની નોન સ્ટોપ ફલાઈટમાં બંન્નેને એકબીજાની સારી કંપની રહી.મુંબઈમાં વિરાટને આઠ કલાકે પહોંચવાનું હતું.એની અમદાવાદની ફલાઈટ સાંજના હતી.તેથી વિરાટ મુંબઈનાં ચીકીના ઘેર રોકાતાં તેના કુટુંબ સાથે પરિચય થાય છે.ચીકીના પિતા કંચનભાઈ અને માતા કુન્દનબેન વિરાટના વ્યક્તિત્વથી પ્રભાવિત થાય છે. તો મહાલક્ષ્મીના મંદિરે દર્શન અને છેલ્લે ચીકી દ્વારા તેના પ્રેમની સ્વીકૃતિને મહોર મારી વિરાટ તેના ગામડે પાનસર જવા મુંબઈથી ફલાઈટમાં અમદાવાદ જવા રવાના થાય છે.

નટવર હેડાઉ

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૭૦૦-૪૧૦૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | **ખોળ બજાર** |
| રૂપુ કાચું ૪૦૭૦૦-૪૧૦૦૦ | નર્મદા મગ પોલીસ | મગમોગર રીયલ ૮૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોનુ તોલો ૩૦૨૦૦-૩૦૫૦૦ | ૫૮૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | મોરબી ખોળ ૯૫૦-૧૦૦૦ |
| **તેલ બજાર** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગ ૫૭૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૬૦** | નર્મદા મગ મોગર ૬૦૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| પામોલીન ૮૮૫-૯૭૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| સોયા રીફાઈન ૧૨૬૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | **પરચુરણ** |
| સીંગતેલ૧૫ કી. ૧૪૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૨૯૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | મેંદો ૮૬૦ |
| સીગતેલ ૫ લી. ૪૪૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| તિરૂપતી કપા. ૧૨૧૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫ લીટર ૪૦૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેથી ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ કે. કોપરેલ ૮૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૪૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | **ખાંડ બજાર** | કોકમ ફુલ ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | (બોરીના ભાવ) | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | ૫૮૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ૫ લી. ૩૭૦ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦** | તલ ૯૦-૧૦૦ |
| ૨ લી. ૧૫૭ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ચા-બજાર** | સીંગદાણા ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત સીલેકટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | દુધી ૩૦૦-૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | સુકી ડુંગળી ૩૦૦-૪૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | મરચાં ૪૦૦-૫૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લીંબુ ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | અડવી પત્તા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | આદુ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | રીંગણ ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | ટામેટા ૩૦૦-૩૪૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | ભીંડા ૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | કોબી ૩૪૦-૪૨૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | કાશ્મીરી ૯૦ | ટીંડસા ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ગવાર ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | સુપર પટની ૧૦૫ | બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ચોળી ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | તુરીયા ૩૦૦-૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :....................... પતિ/પિતા :.......................

માતા : .......................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ......................................

## બાયડના દેરોલ પાસે પગ લપસતા બાળક કેનાલમાં ડૂબ્યો

મોડાસા

બાયડ તાલુકાના દેરોલી નજીક ગત શનિવારે નાનપુરા ગામ પાસેથી સુજલામ સુફલામ કેનાલ પર નાનપુરા ગામનો ૯ વર્ષનો બાળક ઢોરને ચરાવવા ગયો હતો તે સમય કેનાલ નજીક પગ લપસી જતાં ડૂબી ગયાની વાત બહાર આવતાં આસપાસના ગામના લોકો એકત્ર થયા હતા. બાયડના દેરોલી નજીક પ્રા.શાળામાં ધો. ૪ માં અભ્યાસ કરતો રાઠોડ ધર્મેન્દ્રસિંહ ચંદુસિંહ (ઉ.વ.૯) જે બપોરના સમયે ઢોરને લઈને નાનપુરા નજીકથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલ પાસેથી પસાર થતો હતો ત્યારે તેનો પગ લપસી જતાં તે ડૂબી ગયાની વાત બહાર આવતા લોકોએ તંત્રને જાણ કરતાં બાળકને શોધવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા પરંતુ બાળકનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

## મહેસાણાની સગીરાને નાગલપુરનો યુવક ભગાડી જતાં ફરિયાદ

મહેસાણા

મહેસાણાના નાગલપુર સ્થિત શ્રીકુંજ સોસાયટીમાં રહેતા કેતન જયંતિલાલ દવે સામે ગત રવિવારે મહેસાણા શહેર બી ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી યુવકે મહેસાણા શહેર ખાતે રહેતી સગીરાને ૧૧ સપ્ટેમ્બરના રોજ લલચાવી ફોસલાવી તેની પર દુષ્કર્મ આચરવાના ઈરાદે ભગાડી ગયો હતો. જે અંગે મહેસાણા શહેર બી ડિવીઝન પોલીસે સગીરાના પિતાની ફરિયાદના આધારે પોલીસે તપાસ ચલાવેલ છે.

## શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલયમાં વાલી સંમેલન યોજાયું

પાટણ

શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલયમાં વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. શાળા પરિવારનો સહકાર શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારો દ્વારા જયારે બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહેલા બાળકોના વાલીઓ સાથે વિચાર વિમર્સ કરવામાં આવ્યો જયારે શિક્ષણની સેવાના યજ્ઞને અવિરત વધારે મજબુત કરવાનો તેમજ બાળકોના વાલીઓ માટે માર્ગદર્શન પુરુ પાડવામાં તેમજ પાટણ જૈન મંડળ જયારે જયારે પાટણને જે જરૂરિયાત પૂરી કરવાની તે પૂર્ણ કરવામાં આવશે. આ તકે પ્રમુખ દિનેશભાઈ શાહ જણાવ્યું કે તમારા બાળકોની સુવિધામાં સતત મંડળ સંયોગ કરતું રહેશે. ઉપપ્રમુખ યશવંતભાઈ ઝવેરી માનદમંત્રી રાજેન્દ્રભાઈ શાહ, વાલી મંડળના પ્રમુખ હેતલભાઈ પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસીએશનના ભૂપેન્દ્રભાઈ પટેલ, કેતનભાઈ પટેલ તેમજ શાળાના વડા ડૉ.બી.આર. દેસાઈ જણાવ્યું કે આ શાળા પછવાડે આવેલી હોવા છતાં આજે આ મંડળના સહયોગથી મેડીકલ અને એન્જીનિયરીંગમાં આપણા વિદ્યાર્થીઓ સૌથી વધુ ગયા છે. સંચાલન હેતલબેન પટેલે કરેલ.

## વિવિધ બજાર ભાવ

| | |
|---|---|
| **ડીસા** | |
| એરંડા | ૮૮૫-૮૯૨ |
| રાયડો | ૬૪૦-૬,૮ |
| બાજરી | ૨૪૦-૨૬૬ |
| ઘઉં | ૩૦૦-૩૩૪ |
| રાજગરો | ૭૭૧-૮૦૯ |
| મગફળી | ૮૬૮-૯૧૫ |
| **પાલનપુર** | |
| ઘઉં | ૨૯૦-૩૭૬ |
| બાજરી | ૧૬૫-૨૫૦ |
| એરંડા | ૮૮૭-૮૯૫ |
| રાયડો | ૬૩૭-૬,૭ |
| મગફળી | ૪૮૦-૬૯૫ |
| રાજગરો | ૭૮૦-૮૩૧ |
| **લાખણી** | |
| એરંડા | ૮૬૫-૮૮૭ |
| રાયડો | ૬૩૯-૬૫૦ |
| બાજરી | ૨૪૦-૨૪૫ |
| ગવાર | ૬૫૦-૬૮૨ |
| સુવા | ૭૫૫ |
| ચીકુડી | ૮૨૦-૯૧૧ |
| **થરાદ** | |
| એરંડા | ૮૭૦-૮૯૧ |
| ઈસ. | ૧૮૯૬-૨૦૧૧ |
| અજમો | ૭૫૦-૧૩૬૧ |
| વરીયાળી | ૭૭૧-૮૪૫ |
| ચીકુડી | ૭૦૦-૨૬ |
| ગવાર | ૬૬૬-૬૭૭ |
| મગ | ૬૫૦-૯૬૧ |
| જીરૂ | ૨૭૦૦-૩૫૫૦ |
| મેથી | ૫૦૦-૬૩૨ |
| રજકો | ૨૫૫૦-૨૭૫૦ |
| રાયડો | ૬૫૦-૬૭૫ |
| **રાહ** | |
| રાયડો | ૬૫૦-૬૬૫ |
| એરંડા | ૮૭૦-૮૮૦ |
| બાજરી | ૨૨૫-૨૫૦ |
| ચીકુડી | ૮૮૦-૯૧૦ |
| **વાવ** | |
| જીરૂ | ૩૧૦૦-૩૫૦૦ |
| એરંડા | ૮૭૦-૯૦૦ |
| ગવાર | ૬૭૦-૬૭૫ |
| **વડગામ** | |
| ઘઉં | ૩૨૧-૩૩૦ |
| બાજરી | ૨૦૫-૨૩૨ |
| એરંડા | ૮૯૦-૮૯૨ |
| **ધાનેરા** | |
| ઘઉં | ૨૯૦ |
| બાજરી | ૨૧૧-૨૫૬ |
| મગ | ૮૯૬-૧૦૫૧ |
| ચોળા | ૫૪૬-૬૭૧ |
| ગવાર | ૬૭૦ |
| રજકો | ૨૭૨૫-૩૧૦૦ |
| રાયડો | ૬૧૪-૬૬૭ |
| એરંડા | ૮૭૫-૮૮૯ |
| ઈસ. | ૧૫૦૦-૧૯૨૦ |
| વરીયાળી | ૮૨૧ |
| સુવા | ૭૯૦-૮૭૦ |
| અન્ય | ૮૭૩-૯૨૮ |
| **થરા** | |
| જીરૂ | ૨૯૫૦-૧૪૭૫૦ |
| એરંડા | ૮૮૮-૮૯૫ |
| રાયડો | ૬૩૭-૬૪૭ |
| ગવાર | ૬૫૦-૬૮૦ |
| ઘઉં | ૩૦૫-૩૧૮ |
| બાજરી | ૨૩૦-૨૪૪ |
| મગ | ૭૫૧-૯૦૦ |
| **પાટણ** | |
| જીરૂ | ૩૧૩૨-૩૧૭૫ |
| વરીયાળી | ૭૦૦-૯૮૮ |
| મેથી | ૪૦૦-૫૦૪ |
| સુવા | ૬૬૦-૯૨૦ |
| રાયડો | ૬૨૫-૬૬૨ |
| એરંડા | ૮૮૦-૯૦૬ |
| અજમો | ૩૪૦-૮૬૪ |
| ઘઉં | ૩૧૨-૩૫૪ |
| બાજરી | ૨૧૦-૨૪૯ |
| બંટી | ૩૦૦ |
| **સિદ્ધપુર** | |
| રાયડો | ૬૧૬-૬૫૯ |
| એરંડા | ૮૬૫-૯૦૨ |
| ચોળા | ૬૪૯ |
| ઘઉં | ૩૦૦-૩૬૧ |
| બાજરી | ૧૮૦-૨૫૪ |
| બંટી | ૩૫૧ |
| મગ | ૮૨૫ |
| ગવાર | ૬૪૨-૬૬૭ |

## ગઢડા નજીક બસ ચાલકના ગફલતભર્યા ડ્રાઈવીંગથી ટ્રેઈલર પલટી ખાઈ ગયું

મોડાસા

મોડાસા-રાજેન્દ્રનગર માર્ગ પર ગઢડા સ્ટેન્ડ નજીક પુર ઝડપે હંકારાતી એસટી બસના ચાલકે બસ ગફલતભરી રીતે ચલાવતા બસ ટ્રેઈલરને અથડાવીને અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં એસટી બસ પણ રોડ પર અટવાઈ જતાં બસના ચાલક વિરૂધ્ધ મુસાફર દ્વારા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાયા બાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જાણવા પ્રમાણે ગત શનિવારના રોજ એસ ટી. બસ ચાલક અયુબભાઈ સાચોરા ગઢડા સ્ટેન્ડ નજીકથી પસાર થતા માર્ગ ઉપર જઈ રહ્યા હતા, ચાલુ વરસાદ દરમ્યાન બસની આગળ જઈ રહેલ ટ્રકના ચાલકે અચાનક બ્રેક મારતા પુર ઝડપે જતી બસના ચાલકે પણ જોરદાર બ્રેક મારતાં આખે આખી બસ રોડ પર ખેચાઈ આવી હતી અને તેજ સમયે સામેથી આવતા ટ્રેઈલરને બસ ટકરાઈ જતા ટ્રેઈલર રોડ સાઈડે પલટી ખાઈ ગયું હતું.

જયારે બસ રોડ પર ત્રાંસી થઈ ગઈ હતી. આમ આ ત્રિપલ અકસ્માતમાં બસ હંકારનાર ચાલક વિરૂધ્ધ મુસાફર સંજયભાઈ પોપટભાઈ બારોટ (રહે. પુંસરી)એ ફરીયાદ નોંધાવી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ ન હતી.

## જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સંકલનની બેઠક યોજાઇ

પાટણ




જિલ્?લા કલેકટર કચેરી, સ્વર્ણિમ હોલ ખાતે સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજયગુરૂ, નિવાસી અધિક કલેકટરબી.જી.પ્રજાપતિ ઉપસ્થિત રહયા હતા. આ બેઠકમાં જિલ્લા કલેકટરઆનંદ પટેલે જણાવ્યું હતું કે, તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ પાટણ, સિધ્ધપુર અને ચાણસ્મા તાલુકાનો, તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ સમી અને હારીજ તાલુકાનો, તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ રાધનપુર અને સાંતલપુર તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો યોજવામાં આવશે. પાટણ જિલ્લામાં ત્રણ જગ્યાએ યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં વધુમાં વધુ લાભાર્થીઓને લાભ મળે તેવી કામગીરી કરવા અધિકારીઓને જણાવ્યું હતું.

પાટણ જિલ્લાના ગામોમાં તા. ૧૯/૦૯/૨૦૧૭ થી તા. ૦૨/૧૦/૨૦૧૭ સુધી સ્વચ્છતા હી સેવા ઝુંબેશ હેઠળ સ્વચ્છતા રથ ફેરવવાનું આયોજન કરવામાં આવેલ છે. આવતા દિવસોમાં ઉત્તર ગુજરાતના આઠ જિલ્લાઓનું મહિલા સંમેલન મહેસાણા ખાતે યોજવામાં આવનાર છે.

બેઠકમાં પાટણ જિલ્લાના વિકાસના કામો અંગે એક કચેરીના પ્રશ્નોની બીજી કચેરીમાં અવરોધરૂપ થતા કામોની મંજુરી માટે સમીક્ષા કરવામાં આવી હતી. સંસદ સભ્ય અને ધારાસભ્ય દ્વારા આવેલ ફરિયાદોનો ઝડપથી નિકાલ કરવા અને રજીસ્ટરોમાં નોંધ લેવા, વિભાગોના બાકી તુમારો, સરકારી બાકી લેણાની વસુલાત, આર.ટી.આઇ.ના કેસો, પેન્શન કેસો, પ્રાથમિક તપાસ, ખાતાકીય તપાસ, નાગરિક અધિકાર પત્ર જેવી વહીવટી બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી. તકેદારી આયોગના પ્રશ્નોનું દરેક કચેરીએ રજિસ્ટર નિભાવી ઝડપથી પ્રશ્નોના નિકાલ કરવા જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દિનેશભાઇ પરમાર, પ્રાંત અધિકારીઓ અને જુદી જુદી કચેરીઓના અધિકારીઓ ઉપસથિત રહયા હતા.

## પાટણમાં રાજકાવાડા રોડ પર બાઈક અને રીક્ષા અથડાતાં ૩ ને ઈજા

પાટણ

પાટણમાં ટાંકવાડાથી રાજકાવાડા તરફ જવાના માર્ગ પર ગત રવિવારે સાંજે બાઈક અને રીક્ષા અથડાતાં ત્રણ જણાને ઈજાઓ થવા પામી હતી. જ્યારે બંને વાહનોને આગળના ભાગે નુકશાન થયું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર સંખારી ગામ તરફના મોહનલાલ વૈષ્ણવ પોતાની રીક્ષા લઈ પાટણ કામ અર્થે આવ્યા હતા. બાદમાં પાટણમાં રાજકાવાડા ખાતે આવેલી શ્રી જનતા હોસ્પિટલમાં કોઈની તબીયતની પુછતાછ કરવા નિકળેલ ત્યારે ટાંકાવાડાના વળાંકવાળા માર્ગ પર સામેથી બેફામ રીતે આવતાં બાઈક સાથે રીક્ષા અથડાઈ પડતાં રીક્ષામાં સવાર મુસાફરોમાંથી ત્રણ જણાને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

## હારિજ અને જીઆઈડીસી રાધનપુરને જોડતી બ્રોડગ્રેજ રેલ્વે લાઈન આપવા આવેદન પત્ર

હારિજ

કચ્છ કંડલાને જોડતો સીધો માર્ગ શંખેશ્વર જૈન તીર્થધામ , પાકિસ્તાની સરહદી વિસ્તાર.કચ્છના નાનારણમાં ધમધમતો મીઠા ઉદ્યોગ અને હારીજમાં જીનીંગ ઉદ્યોગ સાથે હારીજનું માર્કેટયાર્ડ અનેક રીતે સંકળાયેલા વિસ્તારમાં રેલ્વેની સુવિધા હતી તે પણ છીનવાઈ ગઇ છે. માટે ફરીથી પંથકમાં બ્રોડગ્રેજ રેલ્વે લાઇન આપવામાં આવે ચાણસ્મા, પાટણ, સિદ્ધપુરમાં જીઆઈડીસી છે. જ્યારે હારીજમાં કેમ નહીં આવા અનેક વિકાસના પ્રશ્નોને હલ કરવા માટે હારીજ શહેર વિકાસ કમિટી દ્વારા સર્વોદય હાઈસ્કુલથી બેનરો સાથે ઢોલના રણકાર સાથે રેલી કાઢવામાં આવી હતી. બેનરોમાં અન્ય નગરના વિકાસના મુદાઓ પણ ઉઠાયા હતાં. જેવાકે તળાવો ઊંડા કરી ફરવા લાયક સ્થળ બનાવો , મીઠા પાણી નિયમિત આપો, સાયન્સ કૉલેજમાં પ્રોફેસરો મૂકો, હાઈવેપર ટ્રાફિક ઘટાડવા ઓવરબ્રિજ બનાવો, રખડતી ગાયો, આખલાઓ માં દિનપ્રતિદિન થતો વધારો અટકાવી અકસ્માતો અટકાવો જેવી અનેક સમસ્યાઓનું નિરાકરણ લાવવા વી.એચ.પી.ના પ્રમુખ રજનીભાઇ ઠાકર, મલ્લિકા જાની, શૈલેષ જાની, તેમજ સર્વોદય હાઈસ્કૂલના છાત્રોએ રેલી યોજી મુખ્ય બજારમાં ફરી હતી અને મામલતદારને આવેદન પત્ર આપ્યું હતુ.

## બહુચરાજી પંથકમાં ઉભો પાક સૂકાય છે પણ કેનાલોમાં પાણી છોડાતું નથી

બહુચરાજી

એકબાજુ સરકાર નર્મદા યોજનાથી ખેડૂતોને ઉદ્ધાર થઇ ગયાના ગાણાં ગાઇ રહી છે અને ગામેગામ નર્મદા રથના તાયફા કરી રહી છે. બીજી બાજુ બહુચરાજી પંથકમાં પાછોતરો વરસાદ ખેંચાતાં હાલ કપાસ, દિવેલા, કઠોળ સહિતના પાકોને પિયતની તાતી જરૂરિયાત છે. આમ છતાં કેનાલમાં પાણી છોડવામાં નહીં આવતાં નર્મદાના નામે દુહાઇ દેતા રાજકારણીઓ સામે પંથકની જનતામાં રોષ ભભૂકી ઊઠયો છે. બહુચરાજીના મોઢેરા પાસેથી નર્મદાની મુખ્ય કેનાલ પસાર થાય છે. આમ છતાં તાલુકાના ૫૦ ટકા ગામોને તેનો લાભ મળતો નથી. બીજીબાજુ જ્યાં કેનાલો બનાવાઇ છે તે હાલ સૂકીભઠ્ઠ પડી છે. ચાલુ ચોમાસાની સિઝનમાં ખેડૂતોએ બીટી કપાસ, એરંડા, ઘાસચારો તેમજ કઠોળ પાકોનું વાવેતર કર્યું છે, પરંતુ છેલ્લા ૧૫ દિવસથી છુટાછવાયા ઝાપટાંને બાદ કરતાં સંતોષકારક વરસાદ થયો નથી અને અસહ્ય તડકો નીકળતાં ઉભો પાક સૂકાવા લાગ્યો છે. ખેડૂત દિપચંદભાઇ પટેલના જણાવ્યા મુજબ, એકાદ અઠવાડિયામાં પાણી નહીં મળે તો પાક સુકાઇ જવાની ભીતિ છે.

## રાધનપુરમાં કોંગી કાર્યકરોની બેઠક મળી

પ્રતિનિધિ રાધનપુર




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં રાધનપુરમાં તા.૨૧ સપ્ટેમ્બરના રોજ કોંગી કાર્યકારોનું સંમેલન યોજવાનું છે, તેના આયોજન માટે કોંગી અગ્રણીઓ અને કાર્યકરોની એક બેઠક યોજાઈ હતી, જેમાં પૂર્વ ધારાસભ્યં ભાવસિંહ રાઠોડ, લવિંગજી સોલંકી, રાધનપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ, સાંતલપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ મેહબૂબખાન મલેક, શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, ઝાહીદખાન મલેક, રમેશભાઈ દેસાઈ, બળવંતજી ઠાકોર,જોરાજી ઠાકોર, હમીરજી ઠાકોર સહિતની ઉપસ્થિતિમાં પક્ષ જે ઉમેદવારને ટિકિટ આપે એને તન-મન- ધનથી જીતાડવાની બાંહેધરી આપવામાં આવી હતી, જો કે મોટાભાગના અગ્રણીઓએ સ્થાનિક ઉમેદવારને ટિકિટ મળે એવી રજુઆત પણ કરી હતી, હાલમાં કોંગ્રેસ પક્ષમાંથી ટિકિટ માંગનારાઓની લાઈન લાગી છે. આ પ્રસંગે ભાવસિંહ રાઠોડે જણાવ્યું હતું કે તેઓ કોંગ્રેસમાં જ રહેવાના છે, અને બીજે ક્યાંય જવાના નથી.કોંગ્રેસને જીતાડવા ખરા મનથી મહેનત કરશે.

## મહેસાણાના હેડુવા હનુમંત ગામે સામાન્ય બાબતે સરપંચ પર હુમલો

મહેસાણા

મહેસાણા તાલુકાના હેડુવા હનુમંત ગ્રામ પંચાયતના સરપંચના ઘરે છ જેટલા વ્યક્તિઓએ તેમના ઘરે પાછળની સાઈડે થતાં બાંધકામ બાબતે તકરાર કરી જાતિ વિષયક અપશબ્દો બોલી લાકડીથી માર મારતા ચકચાર મચી જવા પામી હતી. આ બાબતે છ જણા સામે મહેસાણા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો અનુસાર હેડુવા હનુમંત ગામ સ્થિત પંચવટી કોલોનીમાં રહેતા ગ્રામ પંચાયતના સરપંચ સંજય જેનાભાઈ પરમારે ગત મંગળવારે દશરથજી બાબુજી ઠાકોર, સચિન બાબુજી ઠાકોર તથા ચાર અજાણ્યા શખ્સો સહિત છ જણા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ સંજયભાઈ પરમાર ગત સોમવારે પોતાના ઘરે હતા ત્યારે આરોપીઓએ તેમના ઘરે આવી સંજયભાઈના ઘરની પાછળ ચાલતા બાંધકામ બાબતે તકરાર કરી લાકડીથી હુમલો કરી જાતિય વિષયક અપશબ્દો બોલી રોકડ તેમજ સોનાના દોરાની લૂંટ ચલાવી હતી.

## પાટણ જિલ્લા કક્ષાનો દિવ્યાંગ ખેલાડીઓનો રમતોત્સવ યોજાયો

પાટણ

પાટણ પોલીસ હેડકવાર્ટર પરેડ ગ્રાઉન્ડ ખાતે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરીત જિલ્લા વહીવટી તંત્ર, પાટણ દ્વારા આયોજીત પાટણ જિલ્લા કક્ષાનો દિવ્યાંગ ખેલાડીઓનો રમતોત્સવ જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજયગુરૂની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં પોલીસ અધીક્ષકશ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહીલ, પ્રાંત અધિકારીશ્રી ડી.સી.જોષી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણના પ્રિન્સીપાલરી બી.પી.ચૌધરીની હાજરીમાં રમતોત્સવને ખુલ્લો મુકાયો હતો.

દિવ્યાંગ ખેલાડીઓના રમતોત્સવમાં ૧૦૦ મી. દોડ, ઉંચો કુદકો, લાંબો કુદકો, ટ્રાયસીકલ રેસ, ગોળા ફેંક, ભાલા ફેંક, જેવી રમતોમાં કૂલ ૧૮૦ જેટલા દિવ્યાંગ ખેલાડીઓએ ભાગ લઇ પોતાનું કૌવત બતાવ્યું હતું. વિકલાંગતાના વર્ગીકરણ પ્રમાણે હાથના વિકલાંગને એ ગૃપ, એક પગના વિકલાંગને બી ગૃપ, ઘોડી કે કેલીપર્સ પહેરીને આવતા વિકલાંગને સી ગૃપ અને બંને પડે ઘસડાઈને ચાલતા વિકલાંગને ડી ગૃપમાં સમાવેશ કરવામાં આવેલ. દિવ્યાંગ ખેલાડીઓના રમતોત્સવને ખુલ્લો મુકતાં જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂએ જણાવ્યું હતું કે, રાજય સરકારે દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ ખેલ મહાકુંભનું આયોજન કરેલ છે. દિવ્યાંગ ભાઇ-બહેનોને પુરતી તક મળે તો પોતાની હામ અને હિંમતથી આગવું સ્થાન બનાવે છે.

## મહેસાણા કલેક્ટર કચેરીમાં આશા વર્કર બહેનોનો હલ્લાબોલ

મહેસાણા

કોન્ટ્રાક્ટર અને ફીક્સ પગાર સંઘર્ષ સમિતિના આગેવાન રજનીભાઈ સોલંકી ની અમદાવાદમાં જયારે ચંદ્રીકાબેન સોલંકીની પાલન પુરમાં અટકાયતનાં પગલે આશા વર્કર બહેનોમાં ભારે રોષ ઉદભવ્યો હતો, મહેસાણાના આ બંને આગેવાનોની મુક્ત કરવાની માંગણી સામે અસંખ્ય બહેનો કલેક્ટર કચેરી ધસી જઈ સુત્રોચ્ચાર કરી કમ્પાઉન્ડનો રસ્તો બ્લોક કરી દીધો હતો.

આશા વર્કર બહેનોની વિવિધ માંગણીઓના પગલે ગત સોમવારે અમદાવાદમાં કોન્ટ્રાક્ટર અને ફીક્સ પગાર સંઘર્ષ સમિતિના રજનીભાઈ સોલંકીની આગેવાનીમાં ધરણા અને આવેદનનો કાર્યક્રમ યોજાયો હતો.જે દરમ્યાન તેમની પોલીસે અટકાયત કરી હતી.જયારે પાલનપુરમાં આજ કાર્યક્રમ અંતર્ગત મહિલા કાર્યકરની ધરપકડ કરવામાં આવી હતી.

આમ બંને આગેવાનોની અટકાયતના પગલે આશા વર્કર બહેનોમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું જેમાં મહેસાણા ખાતે ૨૦૦ જેટલી આશા વર્કર બહેનો તથા આશા ફેસિલીયર બહેનો એકઠી થઈ કલેક્ટર કચેરી સામે સુત્રોચ્ચાર કરી રસ્તામાં બેસી ગઈ હતી.જેથી કચેરીની મુલાકાતે આવતા અરજ દારોને પોતાના વાહનો ક્યાં પાર્ક કરવા તે બાબતે મુંઝવણ અનુભવી હતી.જો કે પાછળથી બે આગેવાનો મુક્ત કરવામાં આવતા આશા વર્કર બહેનોમાં ખુશી છવાઈ હતી.

## ૭ વર્ષના પુત્રને મૂકી માતા-પિતા પેરિસ ચાલ્યા ગયા, માસા-માસીએ યુવાનીમાં તગેડી મૂક્યો

મહેસાણા

દાયકા પૂર્વે પેરિસ ગયા બાદ પરત નહીં ફરેલા ખેરવાના પટેલ દંપતીના ૭ વર્ષના પુત્ર ધવલને ૧૦ વર્ષ સુધી દાદા પાસે ઉછર્યા બાદ એકાએક માસા-માસી લઇ ગયા હતા. પરંતુ યુવાનીમાં ડગ માંડતા જ માતા-પિતા બાબતે સવાલો ઉઠાવતાં તેને કાઢી મૂકી જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે. યુવકે તાલુકા પોલીસ અને જિલ્લા પોલીસવડાને ફરિયાદ આપી મદદ માંગી છે. મહેસાણા તાલુકાના ખેરવા ગામના પરાવાસમાં રહેતા પરેશભાઇ પટેલ અને તેમનાં પત્ની વર્ષો પૂર્વે તેમના ૭ વર્ષના પુત્ર ધવલને તેમના પિતા પાસે મૂકીને પેરિસ ગયા હતા. ધવલ ૧૭ વર્ષનો થયો ત્યાં સુધી ઘરે પરત નહીં આવેલા માતા-પિતા બાબતે તેને કોઇ જ જાણકારી નહતી. માત્ર ખબર હતી એટલી જ કે તેઓ પેરિસમાં છે. આ સમયે અમદાવાદમાં રહેતા તેના માસા ભરતભાઇ ભાયચંદભાઇ પટેલ અને માસી અંકિતા પટેલ તેની કોલેજમાં જઇ પહોંચ્યા હતા અને વાતોમાં વાળીને તેને પોતાની સાથે અમદાવાદ પોતાના ઘરે લઇ ગયા હતા.